dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 88 | AD - 2024, Paush Sud- 1 | Tuesday, Dt.31-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ખેડૂતોએ સવારે ૭ વાગ્યાથી ૧૪૦ જગ્યાએ હાઈવે અને રેલવે ટ્રેક બ્લોક કરી દીધા

## પાક માટે ગેરંટી કાયદાની માંગ સાથે ખેડૂતો રસ્તા પર ઉતર્યા : પંજાબ સજ્જડ બંધ

નવી દિલ્હી, તા.૩૦

પંજાબ બંધ દરમિયાન અમૃતસર-જાલંધર-પાનીપત-દિલ્હી અને અમૃતસર-જમ્મુ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ રહ્યો હતો. પંજાબ યુનિવર્સિટી ચંદીગઢ સહિત તમામ યુનિવર્સિટીઓએ આજે યોજાનારી પરીક્ષાઓ સ્થગિત કરી દીધી હતી.

પાક માટે **MSP** ગેરંટી કાયદા સહિત ૧૩ માંગણીઓ માટે આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં પંજાબ બંધ રહ્યું હતું. ખેડૂતોએ સવારે ૭ વાગ્યાથી ૧૪૦ જગ્યાએ હાઈવે અને રેલવે ટ્રેક બ્લોક કરી દીધા હતા. તેમાં અમૃતસર-દિલ્હી, અમૃતસર-જમ્મુ અને ફિરોઝપુર હાઈવે અને અન્ય રસ્તાઓનો સમાવેશ હતો. અમૃતસર-દિલ્હી અને જલંધર-દિલ્હી નેશનલ હાઈવે પર ખેડૂતો બેઠા હતા. બજારની સાથે પેટ્રોલ પંપ તેમજ બસો પણ બંધ હતા. પંજાબ બંધને ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ, કર્મચારીઓ, વેપારીઓએ ટેકો આપ્યો હતો. રાજ્યમાં ૫૨ ટ્રેનો રદ કરવામાં આવી હતી, જ્યારે ૨૨ના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. ૮ રાજ્યોમાં ૫૭૬ રૂટ પર દોડતી બસોના પૈડા થંભી ગયા હતા.

રેલવેએ વંદે ભારત સહિત કુલ ૧૬૭ ટ્રેનો રદ કરી હતી. યુપી, પૂણે, બિહાર અને કોલકાતા સહિતના અન્ય રાજ્યોના મુસાફરો રેલવે સ્ટેશનો પર પરેશાન જોવા મળ્યા હતા. જ્યારે ટ્રેન રદ કરવામાં આવી ત્યારે ઘણા મુસાફરોએ હોટલના રૂમ પણ બુક કરાવ્યા હતા. ખેડૂત નેતા સરવણ પંઢેરે કહ્યું કે ઈમરજન્સી સેવાઓમાં કોઈ અડચણ આવવા દેવામાં આવશે નહીં. બીજી તરફ, પંજાબ યુનિવર્સિટી ચંદીગઢ સહિત તમામ યુનિવર્સિટીઓએ આજે યોજાનારી પરીક્ષાઓ સ્થગિત કરી દીધી હતી. તમામ જિલ્લાઓમાં પોલીસ અને વહીવટીતંત્ર એલર્ટ પર છે. જિલ્લા કપુરથલા કોંગ્રેસના અધ્યક્ષ અને સ્થાનિક ધારાસભ્ય બલવિંદર સિંહ ધાલીવાલ ફગવાડાના હાઈવે પર સ્થિત સુગર મિલ ચોક ખાતે ખેડૂતોના વિરોધ પ્રદર્શનમાં પહોંચ્યા હતા. તેમણે ખેડૂતોને સંબોધિત કર્યા હતા. આ પછી તે ખેડૂતો સાથે હડતાળ પર બેસી ગયા હતા. પંજાબ ખન્નામાં ખેડૂતોએ બજારો બંધ કરાવી હતી. ખેડૂતોએ ખુલ્લી દુકાનો પણ બળજબરીથી બંધ કરાવી હતી.



ખેડૂતોની માંગ છે કે એમએસપી પર ખરીદીની ગેરંટીનો કાયદો, સ્વામીનાથન કમિશન મુજબ ભાવ, જમીન સંપાદન કાયદો ૨૦૧૩ લાગુ કરવો જોઈએ, આંદોલનને લગતા કેસ પાછા ખેંચવા જોઈએ. ખેડૂતોની લોન માફ કરવી જોઈએ અને પેન્શન આપવું જોઈએ. સરકારે પાક વીમા યોજનાનું પ્રિમિયમ ચૂકવવું જોઈએ. માર્યા ગયેલા ખેડૂતોના પરિવારોને નોકરી, લખીમપુર ઘટનાના દોષિતોને સજા થવી જોઈએ. મનરેગામાં ૨૦૦ દિવસનું કામ, રૂ. ૭૦૦ મજૂરી, નકલી બિયારણ અને ખાતર પર કડક કાયદો, મસાલાની ખરીદી પર કમિશનની રચના, ભૂમિહીન ખેડૂતોના બાળકોને રોજગાર, મુક્ત વેપાર કરારો પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

પંજાબના ખેડૂતોએ પંજાબમાં આંદોલનની હાકલ કરતા રેલવેએ પંજાબ તરફ જતી ટ્રેનો રદ કરી દીધી હતી. ખેડૂત સંગઠનોના નેતાઓ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સોમવારે સવારે ૭ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી માર્ગ અને રેલ વ્યવહાર બંધ કરી દીધા હતા. રેલ્વેએ નવી દિલ્હી-પંજાબ રૂટ પર ૧૮ એક્સપ્રેસ ટ્રેનો રદ કરી હતી. આ સિવાય પંજાબથી આવતી ટ્રેનો પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં દિલ્હી અને અંબાલા તરફ જતા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ખેડૂતોના સમર્થનમાં બરનાલામાં બજાર બંધ, રેલ અને બસ સેવાઓ પણ સ્થગિત કરવામાં આવી હતી. ખેડૂતોએ ચંડીગઢ ભટિંડા નેશનલ હાઈવે પર બદવાર ટોલ પ્લાઝા, બરનાલા-માનસા હાઈવે પર ધૌલા, બરનાલા-લુધિયાણા હાઈવે પર વાજિદકે પર રસ્તાઓ પર ધરણા કર્યા હતા અને વાહનોને સંપૂર્ણ રીતે અટકાવી દીધા હતા.

ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે પંજાબ બંધના એલાનને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે તેમણે વડાપ્રધાન અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને પત્રો લખ્યા છે, પરંતુ હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. તેથી પંજાબને બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર મંત્રણા માટે તૈયાર નથી તેથી બંધ સિવાય બીજો કોઈ ઉપાય નથી.




## ઉત્તર ભારતમાં સતત હિમવર્ષા : ઉત્તરાખંડમાં ઓરેન્જ એલર્ટ



શ્રીનગર,તા.૩૦

જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં સતત હિમવર્ષા થઈ રહી છે. હિમાચલમાં ૩૪૦ રસ્તાઓ ટ્રાફિક માટે બંધ છે. છિતકુલમાં અઢી ફૂટથી વધુ બરફ છે, જેના કારણે ઘણા પ્રવાસીઓ ફસાઈ ગયા છે. કાશ્મીરમાં હિમવર્ષાના કારણે શ્રીનગર-લેહ રોડ બંધ છે. કાશ્મીર યુનિવર્સિટીની પરીક્ષાઓ રદ કરવામાં આવી છે. ૧૮૦૦ જેટલા વાહનો ફસાયા છે. ગાંદરબલ, સોનમર્ગ, પહેલગામ, ગુંડ, બારામુલ્લા સહિત અનેક સ્થળોએ તાપમાન માઈનસ ૧૦ થી ૨૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. અહીં એક ફૂટ સુધી હિમવર્ષા થઈ હતી, જેના કારણે લગભગ ૨ હજાર પ્રવાસીઓ અલગ-અલગ સ્થળોએ ફસાઈ ગયા હતા. સ્થાનિક કાશ્મીરીઓએ તેમના ઘરો અને મસ્જિદોના દરવાજા ખોલી દીધા હતા. તેમને રહેવા માટે જગ્યા, ધાબળા અને રજાઈ સાથે ગરમ ખાદ્ય સામગ્રી આપવામાં આવી હતી. ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આગામી ૨૪ કલાકમાં ૩ હજાર મીટરથી વધુની ઊંચાઈએ હિમપ્રપાત (બરફ તૂટી પડવાની)નું ઓરેન્જ એલર્ટ છે. હિમવર્ષાના કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે પાંડુકેશ્વર-બદ્રીનાથ વચ્ચે બંધ છે.

## બિહારમાં વિદ્યાર્થીઓના સમર્થનમાં મહાગઠબંધનના નેતાઓનો રસ્તાઓ અને રેલવે ટ્રેક પર હંગામો

પટણા,તા.૩૦




બિહારમાં વિદ્યાર્થીઓ અને આંદોલન સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બની ગયો છે. ૧૩ ડિસેમ્બરના રોજ, બીપીએસસીએ પૂર્વ નિર્ધારિત ૭૦મી પ્રિલિમિનરી પરીક્ષા આયોજિત કરવાની તૈયારી કરી હતી. દરમિયાન આ પરીક્ષાના ઉમેદવારોએ નોર્મલાઈઝેશનનો મુદ્દો ઉઠાવ્યો હતો.બીપીએસસીએ આ મુદ્દે બેઠક પણ બોલાવી હોવાનું જાણવા મળ્યું હતું. આ મિટિંગમાં કોચિંગ ડિરેક્ટર ખાન સર ઉપરાંત અન્ય કેટલાક કોચિંગ ડિરેક્ટર સામેલ હતા. કેટલાક શિક્ષકોએ મિટિંગ બાદ જ મીડિયા સાથે વાત કરી હતી. કહ્યું કે ખાન સર અને રહેમાન સરએ નોર્મલાઈઝેશનને ટેકો આપ્યો છે. કારણ કે વિદ્યાર્થીઓ ક્યારેય નોર્મલાઈઝેશનની તરફેણમાં ન હતા. આવી સ્થિતિમાં, **BPSC** દ્વારા કહેવામાં આવ્યું હતું કે હવે વિદ્યાર્થીઓને મળશે અને તેમના અભિપ્રાય પણ લેવામાં આવશે. જોકે આ બેઠક થઈ ન હતી. વિદ્યાર્થી નેતા રોશનના કહેવા પ્રમાણે, આ બધુ ત્યારે ચાલી રહ્યું હતું જ્યારે એક લેટર વાયરલ થયો હતો. આ પત્ર બીપીએસસી દ્વારા રાજ્યના તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે પ્રશ્નપત્ર ત્રણ સેટમાં હશે. આ પત્ર વાયરલ થતાં જ વિદ્યાર્થી નેતા દિલીપ કુમાર બીપીએસસી પ્રમુખને મળવા પહોંચ્યા હતા. તેમણે નોર્મલાઈઝેશન મુદ્દે બીપીએસસીનું સ્ટેન્ડ જાણવાનો પ્રયાસ કર્યો, પરંતુ સંતોષકારક જવાબ મળ્યો નહીં. બિહારમાં વિદ્યાર્થીઓના સમર્થનમાં મહાગઠબંધનના નેતાઓએ રસ્તાઓ અને રેલવે ટ્રેક પર હંગામો કર્યો હતો.















# ધારીના ફતેગઢથી ખીચા સુધીનો માર્ગ ખખડધજ હાલતમાં, વાહનચાલકોમાં રોષ

અમરેલી,તા.૩૦

ધારી તાલુકાના ફતેગઢથી ખીચા સુધીનો માર્ગ ખખડધજ હાલતમાં હોવાથી વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ઓનલાઈન સ્વાગત કાર્યક્રમ અંતર્ગત માર્ગ મકાન વિભાગને રજૂઆત કરવા છતાં કોઈ પણ ધ્યાન આપતું નથી. ફતેગઢથી ખીચા તરફ જવાનો સિંગલ પટ્ટી રોડ સાવ ભંગાર હાલતમાં હોવાથી વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ રોડ સાવ સાંકડો છે. વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. આ રોડ મગરની પીઠ સમાન બની ગયો છે. કોઈપણ અકસ્માત થશે તો આની જવાબદારી માર્ગ મકાન વિભાગ અને જે તે અધિકારીની રહેશે તેવું ગ્રામજનો રોષ સાથે જણાવી રહ્યા છે. ચૂંટણી સમયે નેતાઓ વોટ લેવા માટે આવે છે અને ચૂંટણી જીત્યા બાદ કોઈ પણ પ્રકારનું ધ્યાન આપતા નથી. માર્ગ મકાન વિભાગને અનેક વખત ઓનલાઈન રજૂઆત કરવા છતાં માર્ગ મકાન વિભાગ દ્વારા કોઈ કામગીરી કરવામાં ન આવતા રોષ ફેલાયો છે.



# દામનગર પાલિકામાં પાણી પુરવઠા માટે રૂ. ૩.૬૭ કરોડના કામ મંજૂર

અમરેલી,તા.૩૦

દામનગર નગરપાલિકાને અમૃત ૨.૦ સ્વેપ અંતર્ગત પાણી પુરવઠા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો હતો. વિવિધ કામો માટે ૩૬૭.૪૯ લાખના કામો મંજૂર કરવામાં આવ્યા તેમજ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, મુખ્યમંત્રી શહેરી સડક યોજના ૧૫ મું નાણાપંચ અંતર્ગત રોડ રસ્તાઓ, ગટર લાઈન, સ્ટોર્મ વોટર લાઈન પંપીગ મશીનરી વગેરે કામોના ૩.૫૪ કરોડના કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા કરવામાં આવ્યુ હતું. દામનગર નગરપાલિકાના વિવિધ વિકાસના કામોના ખાતમુહૂર્ત અને લોકાપર્ણ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, નગરપાલિકાના પ્રમુખ ગોબરભાઈ નારોલા, તમામ સદસ્યો, ભાજપના શહેર પ્રમુખ સહિતના સભ્યો હાજર રહ્યાં હતા.



# અમરેલી શહેરમાં બ્રેસ્ટ કેન્સરની તપાસ અને જાગૃતિ કેમ્પ યોજાયો

અમરેલી, તા.૩૦

ઈનરવ્હીલ ક્લબ ઓફ અમરેલી ગીર અને અમરેલી શહેર-જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજની મહિલા પાંખના સંયુક્ત ઉપક્રમે બ્રેસ્ટ કેન્સરની તપાસ અને તે અંગે જાગૃતિ લાવવા માટે આજે શહેરની મૂકબધીર શાળા ખાતે કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૪૦થી વધુ મહિલાઓનું બ્રેસ્ટ સ્ક્રિનિંગ કરાયું હતું. આશીર્વાદ ફાઉન્ડેશન સાથે જોડાયેલ મીતાબેન જોષીએ બ્રેસ્ટ કેન્સર અંગે માહિતી આપી હતી. ઈનરવ્હીલ ક્લબના પ્રમુખ ડૉ. મિલીબેન ઠાકર, બ્રહ્મસમાજ મહિલા પાંખના કલ્પનાબેન જાની અને નયનાબેન આચાર્યએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહત્વની ભૂમિકા ભજવી. મૂકબધીર શાળાના સંચાલક હિનાબેન ભટ્ટે કાર્યક્રમ માટે સ્થળ અને સવલતો પૂરી પાડી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.



# અમરેલીના એસટી ડેપોમાં પોલીસ ચોકી ખોલવા યુવા કોંગ્રેસની માંગ

અમરેલી, તા.૩૦

અમરેલી યુવા કોંગ્રેસની ટીમ દ્વારા નવા બસ સ્ટોપની મુલાકાત લેતા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓની મળેલી રજૂઆત બાદ એસટી ડેપોમાં પોલીસ ચોકી બનાવવા માંગ કરી હતી. અમરેલી જિલ્લાના ગામોના પ્રવાસીઓ અહીં આવ-જા કરતાં હોય તેમજ અભ્યાસ અર્થે ખૂબ જ મોટી સંખ્યામાં સ્ટુડન્ટ્સ આવતા હોય જેની સલામતી માટે પોલીસ ચોકી ઉભી કરવા માંગ કરી હતી. પોલીસ ચોકી શરૂ કરવાથી વિદ્યાર્થિનીઓની સલામતી પણ જળવાઈ રહેશે.



# અમરેલીના બાળકોએ વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો

અમરેલી,તા.૩૦

અમરેલી કલાનગરી તરીકેની ઓળખ ધરાવે છે ત્યારે અમરેલીનો કલા વારસો આગળ વધે એ પ્રયત્ન નવકાર સ્કૂલ ઓફ આર્ટ્સ ઘણા સમયથી અવિરત ચલાવી રહી છે. એમના ફાઉન્ડર કેતન મહેતા દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી અમરેલીમાં ડાન્સ, ગરબા, ઝુંબા, સ્કેટિંગ, ડ્રોઈંગ, ગિટાર, યોગા જેવી સ્કીલ બેઝ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. થોડા દિવસ પહેલા "Rangotsav Celebration" નામની સ્પર્ધામાં નવકાર સ્કૂલ ઓફ આર્ટ્સના ૧૦૦ કરતા વધારે બાળકોએ ભાગ લીધો હતો જેમાંથી ૩૦ કરતા વધારે બાળકોને સર્ટિફિકેટ તેમજ મેડલ મળ્યા હતા અને હવે તે સ્ટુડન્ટ્સ international level પર આગળ વધી અમરેલી જિલ્લાનું નામ રોશન કરશે.




# ચલાલા કુમાર શાળા ખાતે જે.વી.કાકડીયાનાં હસ્તે ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન કરાયું

ચલાલા, તા.૩૦

ચલાલા કુમાર શાળા ખાતે ધારાસભ્યની રજૂઆતો ધ્યાને લઈ સરકાર દ્વારા શાળામાં નવા ઓરડાઓ મંજૂર કરેલ છે. જેનું આજરોજ શાળા ખાતે એસ.એમ.સી. કમિટી અને શાળા પરિવાર દ્વારા ખાતમુહૂર્ત કાર્યક્રમ ધારી-બગસરા-ખાંભા–ચલાલાના ધારાસભ્ય જે.વી. કાકડીયાના વરદહસ્તે યોજવામાં આવેલ. કાર્યક્રમ દરમિયાન કુમાર શાળાના પૂર્વ આચાર્ય બિચ્છુભાઈ માલા તથા ભાજપ અગ્રણીઓ સર્વ પૂર્વ પ્રમુખ હિમંતભાઈ દોંગા, ભયલુભાઈ વાળા, અશોકભાઈ કાથરોટિયા, જીતેન્દ્રભાઈ કાથરોટિયા, પ્રવિણભાઈ માળવિયા, મનસુખભાઈ કાથરોટિયા, હર્ષદભાઈ રાવળ, અતુલભાઈ કાથરોટિયા અને શાળા પરિવાર તથા મહેન્દ્રભાઈ, હર્ષદભાઈ સોરઠિયા, બાબુભાઈ ડેરૈયા પૂજનવિધિમાં જોડાયા હતા.



# ગજેરા કેમ્પસમાં ઓલિમ્પિકની થીમ સાથે "સ્પોર્ટ્સ-ડે" ૨.૦ની ધમાકેદાર ઉજવણી

અમરેલી, તા.૩૦

તા.૩૦ ડિસેમ્બરના રોજ શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ ખાતે શૈક્ષણિક અભ્યાસની સાથે વિદ્યાર્થીઓમાં રમત-ગમતનું મહત્વ વધે તે હેતુથી 'સ્પોર્ટ્સ-ડે ૨.૦'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાંતાબેન હરિભાઈ ગજેરા શાળા (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળા અને જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સીલેન્સના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આગામી ખેલ મહાકુંભની પૂર્વ તૈયારીના ભાગરૂપે યોજાયેલા આ સ્પોર્ટ્સ-ડેમાં મુખ્ય મહેમાન તરીકે તુષારભાઈ જોશી, આઈ.પી. બારડ, દિનેશભાઈ ભૂવા, સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીની ઉપસ્થિતિમાં મશાલ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.




# રાજુલામાં એન.એસ.એસ. બંને યુનિટની ખાસ વાર્ષિક શિબિરનો ઉદ્દઘાટન સમારંભ યોજાયો

રાજુલા, તા.૩૦

શ્રીમતી એચ. બી.સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજના એન એસ.એસ.ના બંને યુનિટની વાર્ષિક શિબિરનો ધારેશ્વર ખાતે પ્રારંભ થયો હતો. સમારંભના અધ્યક્ષ બિપિનભાઈ લહેરી તથા લતાબેન લહેરી, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.જીજ્ઞેશભાઈ વાજા, કારોબારી રસિકભાઈ પારેખ, અગ્રણી ઉમેશભાઈ મોદી, જે.એ. સંઘવી હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલ વાઘ, અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : ગોપાલ રાઠોડ

# અમરેલી મુકામે વિદ્યાર્થીઓ માટે મોટીવેશન સેમિનારનું આયોજન

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે BCA વિભાગ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે મોટીવેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કેવલભાઈ મહેતા દ્વારા BLOCK CHAIN TECHNOLOGY અને એડવાન્સ ટેકનોલોજી ઉપર વકતવ્ય આપવામાં આવ્યું હતું.

આ સફળ આયોજન BCA વિભાગના HOD વિપુલભાઈ બાલધા, જોષી અભિષેકભાઈ અને તમામ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્ટાફ તથા સ્ટુડન્ટને શુભકામનાઓ પાઠવી હતી.






Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**-//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૧૩૯/૨૦૨૪

**અરજદાર** :- શ્રી કુંવરબેન પ્રાગજીભાઈ ગોંડલીયા
રહે. સાજીયાવદર તા. જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સાજીયાવદર, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામમાં કુંવરબેન પ્રાગજીભાઈ ગોંડલીયા તેઓના ભત્રીજા રાજેશકુમાર સવજીભાઈ પટેલની જન્મ તા.૦૯/૦૬/૧૯૬૦ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ · શ્રેષ્ઠ ગ્રાહક સેવા · ગુણવતાયુકત કામ · પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બગસરામાં વેરા વધારાને લઈને ચેમ્બર તેમજ સામાજિક સંસ્થા દ્વારા આજે શહેર બંધનું એલાન

બગસરા તા.૩૦

બગસરા પાલિકાએ વેરા વધારો કરવા માટેની મંજૂરી આપતા સામાજિક સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સે તા.૩૧મીએ શહેર બંધનું એલાન આપ્યુ છે. જો કે મામુલી વેરો વધારવો પડે તેવી સ્થિતિ હોવાનું પાલિકા પ્રમુખે જણાવ્યું હતું. બગસરામાં જુદા-જુદા વેરા નાખવામાં આવતા દર વર્ષે રૂ.૭૦૦નો વેરાબોજ શહેરીજનોને પડતો હોવાથી આ બાબતે ચેમ્બર ઓફ કોમર્સે વેરા વધારાના વિરોધમાં તા.૩૧મીએ બગસરા બંધનું એલાન આપ્યુ છે. તેમજ તમામ લોકો વિજય ચોક ખાતે ભેગા મળીને શહેરની વિવિધ સંસ્થાઓ સાથે મળીને આવેદન પણ આપશે.

આ અંગે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ જણાવ્યું હતું કે શહેરના વિકાસ માટે અને કર્મચારીઓના પગાર નિયમિત થાય તે માટે વેરો વધારવો જરૂરી છે. તો પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ જણાવ્યું હતુ કે ભૂગર્ભ ગટરનું મેઈન્ટેનન્સ દર વર્ષે રૂ.૧ કરોડ છે. ઘરદીઠ પાણી કનેકશન રૂ.૨૫૦૦ જેટલુ થાય છે તેની સામે માત્ર પાણી વેરો રૂ.૯૦૦ કરાયો છે. સ્ટ્રીટલાઈટનો વેરો માત્ર રૂ.૫૦ કરવામાં આવ્યો છે. જયારે સફાઈના રૂ.૧૦૦ કરવામાં આવ્યા છે. શહેરીજનોને એકાંતરા બે કલાક કરતા વધારે સમય પાણી વિતરણ કરવામાં આવે છે. આ તમામ ખર્ચાઓને ધ્યાને લઈ ૧૦ વર્ષ બાદ પાણી વેરો વધારવામાં આવ્યો છે ત્યારે શહેરીજનોને તમામ અફવાઓથી દુર રહેવા અને વિકાસના કામમાં સહકાર આપવા પાલિકા પ્રમુખે અંતમાં અનુરોધ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશ હડીયલ દ્વારા અનેક રજૂઆતો કરવા છતાં બગસરા પાલિકાના વહીવટદારો દ્વારા પ્રજા ઉપર અસહ્ય વેરો વધારો કરતો ઠરાવ પસાર કર્યો હતો. જે પ્રજાની કમર તોડી નાખતો વધારો હોઈ જેના અનુસંધાને આ આંદોલન કરવાની ફરજ પડી છે. જો એક દિવસના બંધને જોઈ કોઈ વહીવટદારો દ્વારા વેરો વધારો પાછો ખેંચવામાં નહીં આવે તો આવતા આગામી દિવસોમાં શહેરના રહીશો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આગળનું આંદોલન કરવામાં, બંધનું એલાન કરવામાં આવેલ છે.

સહકારી મંડળીના ચેરમેન કમલેશભાઈ ગણાત્રા દ્વારા કહેવામાં આવેલ કે વેરો વધારો પણ આટલો બધો નહિ કે નાના વેપારીઓ વેરો ના ભરી શકે જયારે આ કમરતોડ વેરા વધારાથી લોકોને આર્થિક ભીંસ પડે એમ છે તો પાલિકા દ્વારા પ્રમાણસર વેરો વધારવો જોઈએ અને જો પાલિકા દ્વારા આ નિર્ણય લેવાયેલ છે તે પાછો લેવો જોઈએ અને ચેમ્બર દ્વારા બંધ પાળીને વેરા વધારાનો નિર્ણય લેવાયેલ છે અમો તેમની સાથે રહીશું. આ બાબતે ગુજરાત રાજ્ય સરકારના મુખ્યમંત્રીને પત્ર લખી જાણ કરવામાં પણ આવેલ છે જયારે આ બંધમાં ચેમ્બર તેમજ કિરાણા એસોસિએશન દ્વારા શહેરના લોકોને આપીલ કરવામાં આવી છે.

## ક્યો વેરો વધારીને કેટલો કરવામાં આવ્યો

પહેલા સ્ટ્રીટલાઈટ વેરો ઝીરો હતો હવે ૫૦ કર્યો છે. ભૂગર્ભ ગટરનો વેરો પણ ઝીરો હતો જે વધારીને ૨૫૦ કરવામાં આવ્યો છે. પાણી રહેણાંક વેરો પહેલા ૬૦૦ હતો, હવે ૯૦૦ કર્યો છે. પાણી બિન રહેણાંક વેરો ૧૩૦૦ હતો જે વધારીને ૧૭૦૦ કર્યો છે. સફાઈ રહેણાંક વેરો ૧૫ હતો હવે ૧૦૦ કર્યો છે. સફાઈ બિન રહેણાંક વેરો ૨૫ હતો તે વધારીને ૧૦૦ કર્યો છે. આમ ટોટલ રહેણાંક વેરો ૭૫૦ રૂપિયા તેમજ બિન રહેણાંકનો વેરો રૂ. ૮૫૦ વધાર્યો છે.

## પહેલા ગટરો સાફ કરાવો પછી વેરો વધારવાની વાત કરો



પ્રતિષ્ઠિત નાગરિક રહીશ રાજુભાઈ બામટા દ્વારા કહેવામાં આવેલ છે કે વેરો વધારવો એ જરૂરી છે પણ જે વેરો વધારો છો તેના પ્રમાણમાં કામ કરતા નથી. ઠેર ઠેર ગટરો ઉભરાય છે, ઠેર ઠેર ગંદકી ના ગંજ જોવા મળે છે. સફાઈ થતી નથી. પહેલા શહેરની ગટરોની સફાઈ કરાવો, ગંદકી દૂર કરાવો પછી વેરો વધારવાની વાત કરો. જયારે ફક્ત બંધ પાળવાથી વેપારીઓને નુકસાન થાય એવી પાલિકાના સત્તાધીશોને સમજણ હોવી જરૂરી છે.

## બંધ રાખીને વેપારીઓને આર્થિક નુકસાની શા માટે આપો છો ?



વેપારી દિનેશભાઈ ચૌહાણ દ્વારા કહેવામાં આવેલ કે પહેલા જ પાલિકા દ્વારા તમામ લોકોની સહમતી લઈને વેરો વધારેલ હતો તો હવે બંધ રાખીને વેપારીઓને આર્થિક નુકસાની શા માટે આપો છો. એક તો મંદી હોવાથી વેપારીઓ માંડ પોતાનું ગુજરાન ચલાવે છે એમાં બંધ પાળવાથી વધુ નુકસાની આપવી ના જોઈએ.

# અમરેલી સિટી પોલીસે રસ્તા પર પડી ગયેલો મોબાઈલ શોધીને મૂળ માલિકને પરત કર્યો

અમરેલી, તા.૩૦



અમરેલી સિટી પોલીસે રસ્તા પર પડી ગયેલો મોબાઈલ શોધીને મૂળ માલિકને પરત આપી તેરા તુજકો અર્પણ સૂત્ર સાર્થક કર્યુ હતું. ભાવનગર રેન્જ આઈજીપીએ ગુમ થયેલો માલ શોધી મૂળ માલિકને ખરાઈ કરી પરત આપવા આપેલા માર્ગદર્શન અંતર્ગત એસપી સંજય ખરાતની સૂચનાથી અમરેલી સિટી પોલીસ સ્ટાફ દ્વારા અલગ અલગ જગ્યાએ તપાસ કરતા તેમજ હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સોર્સના આધારે બન્ને મોબાઈલ ફોનની ખરાઈ કરી મૂળ માલિકને મોબાઈલ ફોન સોંપી આપવાની પ્રશંસનીય કામગીરી કરી હતી.

# અમરેલીમાં પાયલોટ ટ્રેનિંગ માટે પ્લેન રહેણાંક વિસ્તારથી દૂર ઉડાવવા રજૂઆત

અમરેલી,તા.૩૦



અમરેલી જિલ્લા વિકાસ સમિતિ દ્વારા એડિશનલ કલેકટરને રજૂઆત કરાઈ હતી કે અમરેલી શહેરમાં પાયલોટ ટ્રેનિંગ સેન્ટર ચાલુ હોય ત્યારે હાલમાં અમરેલી શહેરના રહેણાંક વિસ્તારો પર સતત પ્લેનની ઉડાન ચાલુ હોય ત્યારે પ્લેન બિલકુલ મકાનની ઉપર જતા હોય છે તેમાં લોકોને ખૂબ જ ભય લાગી રહ્યો છે અને પક્ષીઓ પણ ઉડતા હોય છે અને અમરેલીમાંથી પક્ષીઓ દૂર જતા રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લા વિકાસ સમિતિના સભ્યોએ અમરેલી અધિક કલેક્ટરને રજૂઆત કરવામાં આવેલ કે આ પ્લેનનો રૂટ બદલી અને જ્યાં રહેણાંક વિસ્તારો ન હોય ત્યાં ટ્રેનિંગ માટેના વિમાન ઉડાડવામાં આવે તેવી અમરેલી જિલ્લા વિકાસ સમિતિના સભ્યો રાજુભાઈ ગાંધી, દિપકભાઈ મહેતા, યોગેશભાઈ કોટેચા, દિલશાદભાઈ શેખ, અજયભાઈ અગ્રાવત, જાવેદખાન પઠાણ વગેરેએ રજૂઆત કરી હતી.

ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક : ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત : ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝ્યુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338

**CHANGE OF NAME**

I Undersigh I TRIVEDI UMANG HARESHBHAI have changed my name from TRIVEDI UMANGKUMAR HARESHBHAI To TRIVEDI UMANG HARESHBHAI (New) Now i will be known as TRIVEDI UMANG HARESHBHAI (new)
Sigh : TRIVEDI UMANG HARESHBHAI
Address: B-NO-C-35.MAN RAW HOUSE,B/H PATEL SANKUL,CHAK ROAD, AT-AMRELI-365601 GUJARAT INDIA

**CHANGE OF NAME**

I Undersign LAXMIDHAR IBRAHIM have changed my name from LAXMIDHAR IBRAHIM MAHAMADBHAI To LAXMIDHAR IBRAHIM (New) Now i will be known as LAXMIDHAR IBRAHIM (new)
Sign : LAXMIDHAR IBRAHIM
Address:2170 11,VOHRAVAD,AT-CHITAL, DIST-AMRELI-365620

**CHANGE OF NAME**


I Undersign LAXMIDHAR TASNIMBEN MOHAMMADBHAI have changed my name from LAXMIDHAR TASNIM MAHAMADBHAI To LAXMIDHAR TASNIMBEN MOHAMMADBHAI (New) Now i will be known as LAXMIDHAR TASNIMBEN MOHAMMADBHAI (new)
sigh : LAXMIDHAR TASNIMBEN MOHAMMADBHAI
Address:VOHRAVAD SHERI,NEAR MASJID, AT-CHITAL,DIST-AMRELI-365620

**CHANGE OF NAME**


I Undersign LAXMIDHAR MOHAMMADBHAI TAIYABALI have changed my name from LAXMIDHAR MAHAMADBHAI TAIYABALI To LAXMIDHAR MOHAMMADBHAI TAIYABALI (New) Now i will be known as LAXMIDHAR MOHAMMADBHAI TAIYABALI (new)
sigh : LAXMIDHAR MOHAMMADBHAI TAIYABALI
Address:MASJID PASE, VHORAVAD, AT-CHITAL,DIST-AMRELI-365620

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144





HOLIDAY
HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
SHREE HARI PVC FURNITURE
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996



રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ધારાસભ્ય કૌશિક વેકરીયાની છબી પર ડાઘ લગાડનારાઓ સામે તપાસ જરૂરી : સુરેશ પાનસુરીયા

અમરેલી,તા.૩૦



ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને એક લેટર વાઈરલ કરીને બદનામ કરાયા હતા. નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા વિરુદ્ધ લખાણ કરી સોશિયલ મીડિયામાં પત્ર વાઈરલ કરાયો હતો. જેમાં અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના બનાવટી લેટરપેડ પર ખોટી સાઈન કરાઈ હતી. આ મામલે પોલીસે યુવા ભાજપના હોદ્દેદારો સહિત ૪ લોકોની ધરપકડ કરી તેઓના એક દિવસના રિમાન્ડ મેળવ્યાં હતા. ત્યારે કૌશિકભાઈ વેકરીયાના સમર્થનમાં જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષે સી.આર. પાટીલને પત્ર લખ્યો છે. જેમાં આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી છે.

અમરેલી જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા દ્વારા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને પત્ર લખ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે, થોડા દિવસ પહેલા અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પૂર્વ અધ્યક્ષ અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને બદનામ કરવાના ઈરાદે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતો બનાવટી પત્ર વાયરલ કરી યુવાનોના આઈકોન અને મેં જેમની સાથે જિલ્લા ભાજપ ટીમમાં કામ કર્યું છે તેવા કૌશિકભાઈ વેકરીયાની છબી ઉપર ડાઘ પહોંચાડવાનું જે લોકોએ કૃત્ય કર્યું છે તેવા લોકો ઉપર ઊંડાણપૂર્વક તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરી ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવાનું કાવતરું કરી રહેલા તમામ ઈસમો સામે કડક કાર્યવાહી કરવા ભારતીય જનતા પાર્ટીના એક સામાન્ય કાર્યકર્તા તરીકે મારી અપીલ છે.

# સાવરકુંડલાના ખડસલી ગામે આવતીકાલે વાર્ષિકોત્સવ યોજાશે

**ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિતનાઓ ઉપસ્થિત રહેશે**

અમરેલી,તા.૩૦



સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે આવેલ કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત લોકશાળા ખડસલીમાં દર વર્ષની માફક આ વર્ષે પણ તા.૧/૧/૨૦૨૫ના રોજ વાર્ષિકોત્સવ યોજાનાર છે જેમાં મુખ્ય મહેમાન મહેશભાઈ કસવાલા તેમજ અરુણભાઈ દવે, ચંદ્રેશભાઈ બોરીસાગર, ભાવેશભાઈ ચાંદેસરા, હિંમતભાઈ ગોડા, મનોહરભાઈ ત્રિવેદી અને ડો .રાજેન્દ્રભાઈ ખીમાણી રહેશે. સવારે ૧૦ વાગ્યે યોજાનાર આ કાર્યક્રમ બાદ બપોરે મેદાની કાર્યક્રમ અને સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા ૫૯ મી રેલીનું પણ આયોજન કરવામાં આવેલ છે જેમાં અન્ય ૧૧ લોકશાળાઓ પણ ભાગ લેશે જે તારીખ ૧/૧/૨૦૨૫ થી તારીખ ૫/૧ /૨૦૨૫ સુધી રહેશે. જેમાં વક્તા અશોકભાઈ ચાવડા, જીતુભાઈ ભટ્ટ અને દોસ્તભાઈ બ્લોચ ઉપસ્થિત રહેશે.

# ચિતલ રેલવે ફાટક પાસે વાહનચાલક યુવકને ટક્કર મારી ફરાર થઈ ગયો

**ઈજાના કારણે યુવકનું મૃત્યુ થયું**

અમરેલી, તા.૩૦

અમરેલીમાં અકસ્માતનો સિલસિલો વણથંભ્યો છે. ચિતલ રેલવે ફાટકથી આગળ વળાંકમાં એક યુવકને ટક્કર મારી ચાલક ફરાર થઈ ગયો હતો. યુવકનું ઈજાના કારણે મૃત્યુ થયું હતું. બનાવ અંગે લાઠીના મતિરાળા ગામના દેવશીભાઈ પુનાભાઈ લુવાર (ઉ.વ.૩૯)એ અજાણ્યા વાહનચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કાકાનો પુત્ર બાઈક લઈને અમરેલીથી ખંભાળા નોકરીએ જતો હજો ત્યારે ચિતલ ગામ નજીક રેલવે ફટાકથી આગળ વળાંકમાં પહોંચતા સામેથી આવેલા અજાણ્યા ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેમનું ઈજા થવાથી મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ડી.ડી. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાષ્ટ્રીય કક્ષાએ સાવરકુંડલા ગુરુકુળનો ડંકો:U-૧૪ બેઝબોલમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

સાવરકુંડલા, તા.૩૦



સાવરકુંડલા ગુરુકુળના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની U-૧૪ બેઝબોલ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. સ્કૂલ ગેમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૨૪-૨૫ અંતર્ગત U-૧૪ બેઝબોલની ભાઈઓ અને બહેનોની સ્પર્ધા છત્તીસગઢના બિલાસપુરમાં ૧૯ ડિસેમ્બર ૨૦૨૪ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન યોજાઈ હતી. આ વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી ગુરુકુળ સંસ્થા અને સાવરકુંડલાનું ગૌરવ વધ્યું છે. સંસ્થાના વડા ભગવતપ્રસાદ દાસજી સ્વામી, ગુરુકુળના પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી, કોઠારી અક્ષર મુક્ત સ્વામીજી, સ્વામી શુકદેવપ્રસાદદાસજી, ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

**ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓ**

- રાઠોડ વૈભવીબા મહેન્દ્રસિંહ
- ચૌહાણ દક્ષ નરેશભાઈ
- રાદડિયા શ્લોક ગોકુળભાઈ
- જોષી કેનીલ ભાવેશભાઈ

# સાવરકુંડલામાં રહેણાંક મકાને કારમાં સંતાડેલો દારૂ-બીયરનો જથ્થો ઝડપાયો

સાવરકુંડલા, તા.૩૦

૩૧ ડિસેમ્બરે દારૂ-બીયરની રેલમછેલ થાય તે પહેલા જ સાવરકુંડલામાંથી પોલીસે રહેણાંક મકાનમાં કારમાં સંતાડેલો દારૂ-બીયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. અલ્પેશભાઈ બાવચંદભાઈ ઉનાવા, ભરતભાઈ ભનુભાઈ વેકરીયા, ગોપાલભાઈ મનીષભાઈ રાઠોડ તથા ધર્મેશભાઈ સુરેશભાઈ સાથળાએ દારૂનો જથ્થો લાવી રહેણાંક મકાને રાખ્યો હતો. તેમજ અલ્પેશભાઈ ઉનાવાની કારમાં સંતાડ્યો હતો. કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૪૪ બોટલ, બીયરના ૪૦ ટીન, કાર મળી કુલ ૭,૧૩,૦૦૩ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી.એમ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે. ૧૨ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ, ૨૨ શખ્સો વિના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. તેમજ ૧૦થી વધારે લોકો નશીલું પીણું પીને વાહન ચલાવતા પકડાયા હતા.

# થોરખાણ ગામને મળ્યો રૂ.૪૦લાખનો સી.સી. રોડ

લાઠી,તા.૩૦



લાઠી-બાબરા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી બાબરા તાલુકાના થોરખાણ ગામમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નવો સી.સી. રોડ મંજૂર કરવામાં આવ્યો છે. આ રોડ થોરખાણ અને જીવાપર ગામને જોડશે, જેના માટે અંદાજે રૂ.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. વિસ્તારના લોકોની લાંબા સમયની માગણીને ધ્યાનમાં લઈને આ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. ધારાસભ્ય તળાવીયાના નેતૃત્વમાં લાઠી-બાબરા-દામનગર પંથકમાં સતત વિકાસના કામો થઈ રહ્યા છે, જેમાં રોડ-રસ્તાઓનું નિર્માણ મુખ્ય છે. ધારાસભ્ય તળાવીયા આરોગ્ય સુવિધાઓથી માંડીને ખેડૂતોની સમસ્યાઓ અને માળખાકીય સુવિધાઓ જેવા વિવિધ મુદ્દાઓ પર સક્રિય રીતે કામ કરી રહ્યા છે. સ્થાનિક રહીશોએ આ નવા રોડના નિર્માણની મંજૂરી બદલ ધારાસભ્ય તળાવીયાનો આભાર માન્યો છે.

# સાવરકુંડલામાં ઈસ્કોનના સાધુઓની ભક્તિ ફેરી, શહેર કૃષ્ણમય બન્યુ

સાવરકુંડલા,તા.૩૦



સાવરકુંડલામાં ભગવદ ગીતાજીનો સંદેશ શહેરના ભાવિકજનોના હૃદય સુધી પહોચાડવા માટે ઈસ્કોનના સાધુઓ પોતાની ધરતી છોડી સાવરકુંડલા ખાતે પધારેલ છે. સાવરકુંડલા શહેરના માર્ગો પર ભક્તિ ફેરી સ્વરૂપે નાચતાં ગાતાં પોતાના સંગીત વાદ્યો સાથે ફરીને સાવરકુંડલાને કૃષ્ણમય બનાવશે. આ તમામ સાધુઓ વિવિધ દેશોમાંથી આવે છે. છતાં સાવરકુંડલાની ધરાને કૃષ્ણમય બનાવવા શહેરની ગલી ગલીએ ઘૂમી ભગવદ ગીતાજીના સંદેશ લોકો સુધી પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ કરશે.

# ખાંભાના ઈંગોરાળા ગામે વાડીએ પરપ્રાંતીય પરિણીતાએ ઝેરી દવા પીધી

ખાંભા, તા.૩૦

ખાંભાના ઈંગોરાળા ગામે વાડીએ રહેતી એક પરપ્રાંતીય પરિણીતાએ ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. બનાવ અંગે મમતાબેન શંકરભાઈ આમલીયાર (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, તેના પતિએ સવારનો નાસ્તો બનાવવા બાબતે ઠપકો આપતાં તેમને મનોમન લાગી આવ્યું હતું. જેથી ઓરડીમાં પડેલી ઝેરી દવા પી લેતાં સારવાર અર્થે ખસેડાઈ હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ
તા. ૩૧-૧૨-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૩,
સૂર્યાસ્ત-૦૫:૩૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૩૧-૧૨-૨૦૨૪ મંગળવાર

મેષ: આજે તમારે સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી લેવાની જરૂર છે. બદલાતા હવામાનને કારણે આરોગ્ય બગડી શકે છે. ધંધાની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

વૃષભ: આજે તમારી રાશિમાં શુભ યોગની રચના થઈ રહી છે. મોડી સાંજ સુધીમાં લાંબા સમયથી બાકી રહેલી ડીલને અંતિમ સ્વરૂપ આપી શકાય છે.

મિથુન: જે લોકો કોઈ પ્રકારનાં સર્જનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તેમના માટે આજનો દિવસ ખૂબ જ શુભ છે.

કર્ક: આજનો દિવસ તમને લાભ આપવા જઈ રહ્યો છે. આજે પરિવાર સાથે ધાર્મિક યાત્રા પર જવા માટે કોઈ યોજના બનાવી શકાય છે.

સિંહ: તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ વ્યસ્ત બની શકે છે. આજે ધાર્મિક કાર્યમાં તમારી રુચિ વધશે અને તમે દાન આપવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે. તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો આજે તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થઈ શકે છે.

તુલા: આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે થોડો સાવધાન રહેવાનો છે. એકબીજા સાથેની ક્રિયા-પ્રતિક્રિયામાં સાવચેત રહો.

વૃશ્ચિક: આજે તમારી રાશિના જાતકો માટે સામાન્ય દિવસ છે. જો તમે તમારા જીવનસાથી સાથે કોઈ કામ કરી રહ્યા છો તો ફાયદાકારક રહેશે.

ધન: આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે વિશેષ દિવસ બની રહ્યો છે. જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટા નફાની અપેક્ષા છે.

મકર: આજનો દિવસ તમારા માટે લાભકારક સાબિત થવાનો છે અને આજે તમારી બધી સમસ્યાઓ ઉકેલાશે. નવા પ્રોજેક્ટ પર કામ આજથી શરૂ થઈ શકે છે.

કુંભ: આજે તમને લાભ મળશે અને તમને દરેક કામમાં સફળતા મળશે. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.

મીન: વ્યાવસાયિક લોકો માટે આજનો દિવસ ખૂબ જ ખાસ બની શકે છે. નોકરી-ધંધાના ક્ષેત્રમાં આજે તમને ખાસ સફળતા મળશે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પ્લેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI TATA Mahindra HYUNDAI TOYOTA
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

તંત્રી લેખ

# લેન્ડિંગ ગિયર જામ થતા કોરિયન વિમાન ક્રેશ

સામાન્ય રીતે કોઈ પ્લેન જ્યારે લેન્ડિંગ થાય છે તે પહેલા તેમના પૈડા ઓટોમેટિક હાઈડ્રોલિક સિસ્ટમથી બહાર નીકળી જાય છે પરંતુ ઓરિયન વિમાનના વ્હીલમાં કોઈ ટેકનિકલ ખામી હોવાને કારણે વ્હીલ બહાર નીકળી શક્યા નહીં પરિણામે આ ભયંકર અકસ્માત થયો. દક્ષિણ કોરિયાના મુઆન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રવિવારે એક એરલાઈનર પૈડા વિના ઉતરી જતાં, રનવે પરથી ઊતરી જતાં અને અગનગોળામાં ફેરવાઈ જતાં ઓછામાં ઓછા ૧૭૭ લોકોનાં મોત થયાં હતાં, એમ રાષ્ટ્રીય અગ્નિશમન એજન્સીએ જણાવ્યું હતું. 'જેજુ એર'નું પ્લેન જે ૧૮૧ લોકો સાથે થાઈલેન્ડની રાજધાની બેંગકોકથી આવી રહ્યું હતું. તે દેશના દક્ષિણમાં આવેલા એરપોર્ટ પર સવારે ૯ વાગ્યા પછી તરત જ ઉતરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. આકાશમાં તેણે થોડા ચક્કર લગાવ્યા. જેવું લેન્ડિંગ થયું એની થોડી ક્ષણોમાં તેના પૈડા ઓટોમેટિક હાઈડ્રોલિક સિસ્ટમથી બહાર નીકળી જવા જોઈએ તે નીકળી શક્યા નહીં અને પ્લેન રનવેની દિવાલ સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. પહેલા પૈડા વિનાનું વિમાન રનવે ઉપર ઘસડાયું હતું. ૧૪ અગ્નિશામકોએ એક એરક્રાફ્ટમાં લાગેલી આગ બુઝાવવાની કામગીરી કરી હતી. પ્લેન દક્ષિણ કોરિયાના દક્ષિણ જિયોલ્લા પ્રાંતના મુઆન ખાતેના મુઆન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જવાનું હતું. મંત્રાલયના ડેટા અનુસાર, લગભગ ત્રણ દાયકામાં દક્ષિણ કોરિયન એરલાઈનને સંડોવતો સૌથી ભયંકર હવાઈ અકસ્માત છે. સ્થાનિક મીડિયાના વીડિયોમાં જોઈ શકાય છે કે ટ્વીન-એન્જિન બોઈંગ ૭૩૭-૮૦૦ દિવાલ સાથે અથડાતા પહેલા કોઈ દેખીતા લેન્ડિંગ ગિયર વિના રનવેથી નીચે સરકી જાય છે. અન્ય ફોટામાં પ્લેનના ભાગોમાં ધુમાડો અને આગ લાગી હતી. મુઆન ફાયર ચીફ લી જુંગ-હ્યુને એક બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, બે ક્રૂ સભ્યો, એક પુરુષ અને એક મહિલાને સળગતા વિમાનના પૂંછડીના ભાગમાંથી બચાવી લેવામાં આવ્યા હતા. માત્ર પૂંછડીનો થોડો ભાગ બચી જવા પામ્યો હતો વિમાનનો બાકીનો ભાગ કાટમાળમાં ફેરવાઈ ગયો હતો. તેમાં સવાર તમામ મુસાફરોના કરુણ મૃત્યુ થયા હતા. વિમાનની પૂંછડીના ભાગમાંથી માત્ર ત્રણ વ્યક્તિ બચી શક્યા છે.

તપાસકર્તા અધિકારીઓના કહેવા મુજબ પક્ષીઓ અથડાવાથી લેન્ડિંગ ગીયર ઓપરેટ થઈ શક્યા નથી તેમ માનવામાં આવે છે. આ માટે ખરાબ હવામાન પણ જવાબદાર હોવાનું માનવામાં આવે છે. યોનહાપે એરપોર્ટ ઓથોરિટીને ટાંકીને કહ્યું હતું કે પક્ષીઓ અથડાવાથી કે કોઈ ટેકનીકલ ખામીને કારણે લેન્ડિંગ ગિયર ખરાબ થઈ શકે છે. કંટ્રોલ ટાવરે પક્ષીઓની અથડાવાની ચેતવણી જારી કરી અને તેના થોડા સમય પછી પાઈલોટ્સે મેસેજ કર્યો, પરિવહન મંત્રાલયના અધિકારીએ જણાવ્યું હતું કે, ફ્લાઈટ કોઈ પક્ષીને ટકરાઈ હતી કે કેમ તે સ્પષ્ટ કર્યા વિના કોઈ નિર્ણય પર આવી શકાય નહીં. ચેતવણી બાદ લગભગ એક મિનિટ પછી વિમાને લેન્ડ કરવાનો દુર્ભાગ્યપૂર્ણ પ્રયાસ કર્યો હતો.

# એક અનોખા અમેરિકન પ્રમુખ જીમી કાર્ટરનું અવસાન

વિશ્વના સૌથી વયોવૃદ્ધ અમેરિકાના આ પ્રમુખ મહાન માનવતાવાદી હતા. અમેરિકાના તમામ પ્રમુખોમાં સૌથી વૃદ્ધ જીમી કાર્ટરના ૧૦૦ વર્ષની વયે અવસાન સાથે જગતે એક મહાન રાજકારણી અને વિશ્વ નેતા ગુમાવ્યા છે. જેમ્સ અર્લ કાર્ટર જુનિયર (ઓક્ટોબર ૧, ૧૯૨૪ - ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪) એક અમેરિકન રાજકારણી અને માનવતાવાદી હતા. જેમણે ૧૯૭૭ થી ૧૯૮૧ સુધી યુનાઈટેડ સ્ટેટ્સના ૩૯મા પ્રમુખ તરીકે સેવા આપી હતી. ડેમોક્રેટિક પાર્ટીના સભ્ય, તેઓ યુ.એસ.ના એકમાત્ર પ્રમુખ હતા જે ૧૦૦ વર્ષ સુધી પહોંચે છે. અને પોતાનો બર્થડે પણ ઉજવે છે. ગઈકાલે અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જિમી કાર્ટરનું ૧૦૦ વર્ષની વયે અવસાન થયું. ઈમી કાર્ટરને તેમના વતન પ્લેન્સ, ગામાં અંતિમ સંસ્કાર કરવામાં આવશે. તેમની પત્ની રોઝાલિનની બાજુમાં, વિલોના ઝાડની બાજુમાં દફનાવવામાં આવ્યા આવશે. યુનાઈટેડ સ્ટેટ્સના ૩૯મા પ્રમુખ કાર્ટરનું ૧૦૦ વર્ષની વયે રવિવારે પ્લેન્સમાં અવસાન થયું હતું. કાર્ટર ૧૯૭૭ થી ૧૯૮૧ સુધી પ્રમુખ હતા, પરંતુ તેઓ ઓફિસ છોડ્યા પછી જે જીવન જીવ્યા તેના માટે કદાચ તેઓ વધુ પ્રખ્યાત હતા. કાર્ટર શાંતિ, લોકશાહી અને આંતરરાષ્ટ્રીય માનવાધિકારના સૌથી મોટા હિમાયતીઓમાંના એક હતા.

જેમ્સ "જીમી" અર્લ કાર્ટર જુનિયર.નો જન્મ ઑક્ટો. ૧, ૧૯૨૪ના રોજ થયો હતો અને તેનું બાળપણ મેદાનની બહાર એક ખેતરમાં વિતાવ્યું હતું, જે દક્ષિણપશ્ચિમ જ્યોર્જિયાના નાના સમુદાય હતા. તેમના પિતા મગફળીના ખેડૂત હતા; તેની માતા, "મિસ લિલિયન," એક નર્સ હતી. તેઓ યુનાઈટેડ સ્ટેટ્સના પ્રથમ રાષ્ટ્રપતિ હતા જેમનો જન્મ હોસ્પિટલમાં થયો હતો. અમેરિકાના ઈતિહાસમાં કોઈપણ રાષ્ટ્રપતિ કરતાં વધુ જીવ્યા અને ઓક્ટોબરમાં તેમનો ૧૦૦મો જન્મદિવસ ઉજવ્યો. વિશ્વભરમાં લોકશાહી અને માનવાધિકારની હિમાયત કરતા કાર્ટર સેન્ટરે જણાવ્યું હતું કે તેઓ રવિવારે બપોરે જ્યોર્જિયાના પ્લેન્સ ખાતેના તેમના ઘરે મૃત્યુ પામ્યા હતા. ડેમોક્રેટે ૧૯૭૭ થી ૧૯૮૧ સુધી પ્રમુખ તરીકે સેવા આપી હતી, જે આર્થિક અને રાજદ્વારી કટોકટીથી ઘેરાયેલો સમય હતો. નીચા મંજૂરી રેટિંગ સાથે વ્હાઈટ હાઉસ છોડ્યા પછી, તેમની પ્રતિષ્ઠા માનવતાવાદી કાર્ય દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી જેનાથી તેમણે નોબેલ શાંતિ પુરસ્કાર મેળવ્યો હતો. તેમની પરંપરાને અમેરિકન સમાજે અનુસરવું જોઈએ. તેમના પુત્ર ચિપ કાર્ટરએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "મારા પિતા માત્ર મારા માટે જ નહીં પરંતુ શાંતિ, માનવાધિકાર અને નિઃસ્વાર્થ પ્રેમમાં માનનારા દરેક માટે હીરો હતા." તેઓ માત્ર અમારા પરિવાર માટે જ નહીં પણ માનવજાતના ભલા માટે જીવતા




હતા અને વિશ્વને એક પરિવાર માનતા હતા. તેને યાદ કરી અંજલિ આપનારા સૌનો અમે આભાર માનીએ છીએ. કાર્ટર રાષ્ટ્રપતિ બનતા પહેલા જ્યોર્જિયાના ગવર્નર હતા, યુએસ નૌકાદળમાં લેફ્ટનન્ટ અને ખેડૂત હતા તેઓ ચાર બાળકો, ૧૧ પૌત્રો અને ૧૪ પૌત્ર-પૌત્રો પાછળ મુકતા ગયા છે.

તેની પત્ની રોઝાલિન, જેની

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સાથે તેણે ૭૭ વર્ષે બીજા લગ્ન કર્યા હતા, તેનું નવેમ્બર ૨૦૨૩ માં અવસાન થયું. ૨૦૧૮ થી અને જ્યોર્જ એચડબ્લ્યુ બુશના મૃત્યુ પછી, તેઓ સૌથી વૃદ્ધ હયાત યુએસ પ્રમુખ હતા. કાર્ટરે ગયા વર્ષે અજ્ઞાત બીમારી માટે તબીબી સારવાર બંધ કરી દીધી હતી અને તેના બદલે તેના ઘરે હોસ્પાઈસ કેર મેળવવાનું શરૂ કર્યું હતું. રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ફર્સ્ટ લેડી જીલ બાઈડેને કહ્યું કે વિશ્વએ "એક અસાધારણ નેતા, રાજનેતા અને માનવતાવાદી" ગુમાવ્યા છે. તેમને "પ્રિય મિત્ર" અને "સિદ્ધાંત, વિશ્વાસ અને નમ્રતાના માણસ" તરીકે વર્ણવતા, તેઓએ ઉમેર્યું: "તેમણે બતાવ્યું કે અમેરિકા એક મહાન રાષ્ટ્ર છે કારણ કે આપણે સારા લોકો છીએ - શિષ્ટ અને માનનીય, હિંમતવાન અને દયાળુ, નમ્ર અને મજબૂત " લોકો છીએ. રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું, "પ્રમુખ તરીકે જીમીએ જે પડકારોનો સામનો કરવો પડ્યો તે આપણા દેશ માટે નિર્ણાયક સમયે આવ્યો અને તેણે તમામ અમેરિકનોના જીવનને સુધારવા માટે તેમની શક્તિમાં બધું જ કર્યું. તે માટે, આપણે બધા તેમના કૃતજ્ઞતાના ઋણી છીએ."

કાર્ટરનું પ્રમુખપદ આઠ અમેરિકનના અવસાન પછી ઈરાન બંધક કટોકટી સહિતની તીવ્ર આર્થિક સમસ્યાઓ અને વિદેશી નીતિના અનેક પડકારો સાથે વ્યવહાર કરવામાં તેમના સંઘર્ષ માટે યાદ કરવામાં આવશે. જોકે, મધ્ય પૂર્વમાં નોંધપાત્ર વિદેશ નીતિનો વિજય થયો હતો જ્યારે તેમણે ૧૯૭૮માં યુ.એસ.માં કેમ્પ ડેવિડ ખાતે હસ્તાક્ષર કરાયેલ ઈજિપ્ત અને ઈઝરાયેલ વચ્ચેના કરારમાં દલાલી કરવામાં મદદ કરી હતી.


વ્હાઈટ હાઉસ છોડ્યા પછી, તેઓ રાજકારણ પહેલા જે ઘરમાં રહેતા હતા ત્યાં પૂર્ણ સમય પરત ફરનાર પ્રથમ અને એકમાત્ર પ્રમુખ બન્યા. બે બેડરૂમના રાંચ-શૈલીના ઘરમાં તેઓ રહેતા હતા. તેમણે મોટાભાગના ભૂતપૂર્વ પ્રમુખોની રાહ જોતા ડિનર પછીના આકર્ષક ભાષણો અને પ્રકાશન સોદાઓને અનુસરવાનું પસંદ ન કર્યું, ૨૦૧૮ માં વોશિંગ્ટન પોસ્ટને કહ્યું કે તેઓ ખરેખર ક્યારેય શ્રીમંત બનવા માંગતા નહોતા. તેના બદલે, તેણે તેના બાકીના વર્ષો અસમાનતા અને રોગની વૈશ્વિક સમસ્યાઓને ઉકેલવાના પ્રયાસમાં વિતાવ્યા. તેમણે નેલ્સન મંડેલા સાથે મળીને ધ એલ્ડર્સને શોધી કાઢ્યા, જે વૈશ્વિક નેતાઓનું એક જૂથ છે જેમણે શાંતિ અને માનવ અધિકારો પર કામ કરવા માટે પોતાને પ્રતિબદ્ધ કર્યા હતા. ૨૦૦૨ માં નોબેલ પુરસ્કાર તે મેળવનાર માત્ર ત્રીજા અમેરિકી રાષ્ટ્રપતિ - તેમણે કહ્યું: "સૌથી ગંભીર અને સાર્વત્રિક સમસ્યા એ પૃથ્વી પરના સૌથી ધનિક અને સૌથી ગરીબ લોકો વચ્ચેની વધતી જતી તકરાર છે." એક નિવેદનમાં, ભૂતપૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટન અને પત્ની હિલેરી ક્લિન્ટને જણાવ્યું હતું કે તેમણે તેમના માનવતાવાદી, પર્યાવરણીય અને રાજદ્વારી પ્રયાસોની નોંધ લેતા "એક સારી, ન્યાયી દુનિયા માટે અથાક મહેનત કરી હતી."

"વિશ્વાસ દ્વારા માર્ગદર્શન આપીને, પ્રમુખ કાર્ટર બીજાઓની સેવા કરવા માટે જીવ્યા - ખૂબ જ અંત સુધી," તેઓએ ઉમેર્યું. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કાર્ટરની "શિષ્ટતા" ને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે "તેમણે અમને બધાને શીખવ્યું કે કૃપા, ગૌરવ, ન્યાય અને સેવાનું જીવન જીવવાનો અર્થ શું છે".

રિપબ્લિકન ભૂતપૂર્વ પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશે, તે દરમિયાન, જણાવ્યું હતું કે" કેમ્પ ડેવિડ સમજૂતી એ કાર્ટર વહીવટીતંત્રની સૌથી મોટી વિદેશ નીતિ સિદ્ધિ હતી. કાર્ટર મેરીલેન્ડમાં પ્રેસિડેન્શિયલ રીટ્રીટમાં ઈઝરાયેલના વડાપ્રધાન મેનાકેમ બેગિન અને ઈજિપ્તના પ્રમુખ અનવર અલ-સદાતને સાથે લાવ્યા હતા. સપ્ટેમ્બર ૧૭, ૧૯૭૮ ના રોજ, કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે પછીના વર્ષે બંને દેશો વચ્ચે સત્તાવાર શાંતિ સંધિ થઈ હતી. તેમના પ્રમુખપદ પછી, કાર્ટર માનવાધિકારની તેમની શોધ ચાલુ રાખતા હતા. તેણે અને તેની પત્ની રોઝાલીને, કાર્ટર સેન્ટરની સ્થાપના કરી અને હેબિટેટ ફોર હ્યુમેનિટી સાથે સ્વૈચ્છિક સેવા આપી, સસ્તું આવાસ બનાવવા અને તેની હિમાયત કરવામાં મદદ કરી. અમેરિકા માટે ગૌરવ રૂપ પ્રમુખ હતા. અને "એક સારી દુનિયાને પાછળ છોડવાના તેમના પ્રયત્નોનો અંત આવ્યો નથી.

**કાર્ટરે ૧૯૭૭ થી ૧૯૮૧ સુધી એક જ મુદત સેવા આપી હતી, જે તેમની માનવ અધિકાર કેન્દ્રિત વિદેશ નીતિ અને શિક્ષણ અને ઊર્જા વિભાગો તેમજ ફેડરલ ઇમરજન્સી મેનેજમેન્ટ એજન્સીની સ્થાપના માટે સૌથી યાદગાર રહી હતી.**

## શબ્દ સંજોગ-૧૯૨૭



**આડી ચાવી :**
(૧) એક વનસ્પતિ (૩)
(૪) અમાન્ય, અણગમતુ (૪)
(૭) ભગવાન રામના એક ભાઈ (ગામઠી ભાષામાં )(૪)
(૯) નાની કાચી કેરી (૩)
(૧૧) જ્ઞાતિ, જાત (૨)
(૧૨) વિષ્ણુ, પ્રભુ (૪)
(૧૪) બદલીમાં કામ કરનારુ (૩)
(૧૫) પડદો, વસ્ત્ર (૨)
(૧૬) અંગ્રેજી ચલણનું નાણુ (૪)
(૧૮) ટૂંકી બાયનું ખૂલતુ પહેરણ (૩)
(૧૯) કાપવું, છેદવુ (૩)
(૨૦) ...વીરસ્ય ભૂષણમ્ (૨)
(૨૨) ગરદન (૨)
(૨૩) આ કોઈનો સગો નહી (૨)
(૨૫) પ્રદેશ કે જગાનો માપકાર આલેખ (૩)
(૨૮) ચોમાસુ પાક (૩)
(૨૯) બાવાઓના સમૂહ (૩)

**ઉભી ચાવી :**
(૧) તુલનાવાળુ (૫)
(૨) કરાર (૩)
(૩) ખેતર કે ગામની હદ (૨)
(૫) અનુમતિ, કબૂલાત (૩)
(૬) ફિલ્મની ટિકિટ માટે અપાતી રકમ (૨)
(૮) બધુ 'વેરણ છેરણ' થઈ ગયુ (૬)
(૧૦) ધરપકડ કરવાનો સરકારી પરવાનો (૩)
(૧૩) પૂર્વનું, અગાઉ થઈ ગયેલુ (૨)
(૧૪) નખરા, અભિનયની છટા (૨)
(૧૫) ગેરહાજર, અપ્રત્યક્ષ (૩)
(૧૭) ભાંગે નહી પણ વળે એવુ (૪)
(૧૮) પરવાનો, પરવાનગી (૩)
(૨૧) દ્વારા, વચમાં રાખીને (૪)
(૨૨) ઘણી કંપનીનાં કર્મચારીઓને દિવાળી આપે (૩)
(૨૪) સમી સાંજ (૩)
(૨૬) વ્યકિત-વ્યકિતએ બદલાતા જાય (૨)
(૨૭) ઉતાવળો શ્વાસ ચલાવો તે (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૬ જવાબ

**આડી ચાવી:** (૧) આસામ (૩) ઓટ (૫) હેરત (૬) કાનમ (૮) નકલ (૧૦) પ્રોટીન (૧૧) વેંત (૧૨) નવલ (૧૪) હાથી (૧૫) મા (૧૮) તલપ (૨૦) રોકડ (૨૨) રતલ (૨૩) પોત (૨૪) વાઘ (૨૫) અકબર (૨૬) રેડિયમ.
**ઉભી ચાવી:** (૧) આસન (૨) મહેલ (૩) ઓતપ્રોત (૪) સેન (૬) કાનન (૭) મજલ (૯) કળથી (૧૧) વેંત (૧૩) વત્સલ (૧૪) હાવરો (૧૬) પાડ (૧૭) શરત (૧૮) તલ (૧૯) પડઘમ (૨૧) કડક (૨૩) પોર (૨૩) વાઘ.

# માર્કેટયાર્ડનાં ભાવ


| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૪૯૫ |
| ઘઉં લોકવન | ૫૮૬ | ૬૧૯ |
| ઘઉં ટુકડા | ૫૯૭ | ૬૬૦ |
| જુવાર સફેદ | ૭૨૧ | ૮૪૯ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૩૦ | ૫૦૦ |
| તુવેર | ૧૨૪૦ | ૧૬૬૧ |
| ચણા પીળા | ૧૦૨૨ | ૧૨૭૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૪૫૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૬૭૫ |
| મગ | ૧૧૫૦ | ૧૮૫૦ |
| ચોળી | ૧૩૫૦ | ૨૩૯૦ |
| મઠ | ૮૦૦ | ૧૧૩૪ |
| કળથી | ૯૨૫ | ૧૦૭૫ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૧૯૫ |
| તલી | ૨૦૪૦ | ૨૫૪૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૩૦ |
| અજમો | ૧૬૦૦ | ૨૦૯૯ |
| સુવા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૮૫ | ૮૫૨ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૨૮૦ |
| કાળા તલ | ૩૪૨૦ | ૫૦૮૬ |
| લસણ | ૧૬૫૦ | ૪૦૨૦ |
| ધાણા | ૧૩૭૪ | ૧૬૦૦ |
| મરચા સુકા | ૧૩૫૦ | ૨૩૭૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૮૨૨ |
| વરીયાળી | ૧૧૯૫ | ૧૬૦૦ |
| જીરૂ | ૪૧૨૦ | ૪૬૦૦ |
| રાય | ૧૦૩૦ | ૧૨૪૫ |
| મેથી | ૯૨૦ | ૧૨૬૭ |
| રાયડો | ૧૦૩૫ | ૧૧૬૦ |
| રજકાનું બી | ૩૩૫૦ | ૩૭૫૦ |
| ગુવારનું બી | ૯૭૦ | ૧૦૦૩ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૧૭૫ | ૫૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૨૦ | ૧૧૦૪ |
| ગિરનાર શીંગ | ૧૦૩૧ | ૧૩૨૫ |
| શિંગ મોટી | ૮૧૫ | ૧૨૦૦ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૧૮૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૧૫ |
| તલ કાળા | ૩૭૫૦ | ૪૭૦૦ |
| તલ કશ્મીરી | ૨૭૦૦ | ૩૨૪૦ |
| બાજરો | ૩૩૦ | ૫૪૬ |
| જુવાર | ૪૧૧ | ૧૦૫૧ |
| ઘઉં ટુકડા | ૫૪૮ | ૬૯૨ |
| ઘઉં લોકવન | ૫૫૫ | ૬૫૫ |
| અડદ | ૧૦૧૦ | ૧૫૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૭૩ |

| | | |
|---|---|---|
| કપાસ | ૯૩૦ | ૧૪૮૬ |
| એરંડા | ૧૧૨૬ | ૧૨૦૩ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૩૨૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૫૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૬૫ |
| રજકાનું બી | ૩૬૦૦ | ૪૯૦૦ |
| મરચા લાંબા | ૫૧૦ | ૨૬૫૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૯૬ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૬ | ૧૨૩૬ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૧૧ |
| વરીયાળી | ૧૩૫૧ | ૧૭૮૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૬૧ |
| લસણ સુકું | ૧૫૦૧ | ૪૦૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૭૧ |
| મઠ | ૮૧૧ | ૮૬૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૯૩૧ |
| રાય | ૯૮૧ | ૧૨૦૧ |
| મેથી | ૮૦૧ | ૧૧૧૧ |
| નવા ધાણા | ૩૫૦૦૦ | ૩૫૦૦૦ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૨૬૫૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૫૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૮૧૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૩૯૬ |
| બાજરો | ૫૦૦ | ૫૮૧ |
| જુવાર | ૪૦૧ | ૮૫૧ |
| મકાઇ | ૫૦૦ | ૫૭૧ |
| મગ | ૧૧૪૧ | ૧૭૬૧ |
| ચણા | ૮૦૦ | ૧૩૪૧ |
| વાલ | ૭૧૧ | ૧૨૨૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૨૧૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૭૧ |
| કળથી | ૯૧૧ | ૯૧૧ |
| ગોગળી | ૭૯૧ | ૮૫૧ |
| વટાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૫ | ૧૪૯૮ |
| કપાસ મીડીયમ | ૧૧૮૦ | ૧૩૯૦ |
| મગફળીજી૨૦ | ૧૦૯૭ | ૧૧૫૩ |
| મગફળી બી.ટી. | ૯૫૨ | ૧૦૬૮ |
| ઘંઉ | ૫૧૮ | ૬૪૨ |
| જીરૂ | ૪૦૬૦ | ૪૩૫૦ |
| સોયાબીન | ૭૭૮ | ૭૯૨ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૧૦ |
| તલ કાળા | ૪૦૪૦ | ૪૩૦૦ |
| તલ સફેદ | ૧૯૬૦ | ૨૨૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૦૮૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૫૦ |
| તલ કાળા | ૪૫૦૨ | ૪૬૫૦ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૦૧ |
| કપાસ | ૧૩૬૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૬૧૦ | ૬૭૧ |
| બાજરો | ૪૪૦ | ૬૦૦ |
| જુવાર | ૪૦૦ | ૭૦૦ |
| મગ | ૧૦૫૦ | ૧૪૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૮૧ |
| એરંડી | ૧૧૦૦ | --- |
| સોયાબીન | ૭૨૦ | ૮૧૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૬ |
| ચણા | ૮૦૧ | ૧૨૫૧ |
| અડદ | ૮૫૧ | ૧૫૯૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૪૧ |
| શિંગફાડા | ૯૦૧ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૫૮૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૫૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૯૦ | ૧૧૭૧ |
| મગફળી ૩૨ નં. | ૯૭૦ | ૧૧૧૫ |
| બાજરી હાઈ | ૫૨૧ | ૬૦૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૫૭ |
| જુવાર | ૭૪૦ | ૮૨૬ |
| અડદ | ૧૨૨૫ | ૧૭૩૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૯ |
| જા.તલ | ૨૬૦૦ | ૩૦૫૫ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૪૫૮ |
| કાળા તલ | ૩૩૦૫ | ૪૯૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૭ |
| કપાસ | ૧૩૪૦ | ૧૪૪૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૬૦ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૬૦૦ |
| કપાસ | ૧૨૨૦ | ૧૪૬૦ |
| બાજરો | ૫૦૦ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૮૬ |
| જુવાર | ૭૮૧ | ૭૮૭ |
| મઠ | ૯૮૦ | ૯૮૦ |
| અડદ | ૧૨૭૨ | ૧૮૮૦ |
| તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૫૧ | ૮૦૮ |
| અજમા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૭ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૫૭ | ૫૯૯ |

| | | |
|---|---|---|
| મેથી | ૭૨૦ | ૭૨૦ |
| સોયાબીન | ૫૦૦ | ૯૦૩ |
| ચણા | ૮૬૦ | ૧૨૧૯ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૨૬૫ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૦૫ |
| મગ | ૧૬૨૦ | ૧૬૨૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૨૫ |
| શીંગદાણા | ૯૦૦ | ૧૦૩૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૫ | ૧૪૨૫ |
| મગફળી | ૭૦૦ | ૧૦૭૦ |
| ઘઉં | ૪૭૫ | ૬૦૦ |
| અડદ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| તલ | ૨૧૦૫ | ૨૧૦૫ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| સોયાબીન | ૬૬૯ | ૮૦૫ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૯૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| મગફળી | ૮૭૦ | ૧૧૩૦ |
| જુવાર સફેદ | ૬૯૧ | ૬૯૧ |
| સોયાબીન | ૭૮૦ | ૭૮૭ |
| તુવેર | ૧૪૯૧ | ૧૪૯૧ |
| અડદ | ૯૭૦ | ૧૨૫૧ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૨૩ | ૧૪૫૯ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૬૮૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૮૫ |
| બાજરો | ૪૨૦ | ૫૦૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૪૮ |
| મગ | ૧૧૦૦ | ૧૫૯૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ચોળી | ૨૪૦૦ | ૨૪૮૫ |
| ચણા | ૧૧૭૪ | ૧૨૮૦ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૧૬૦ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૧૨૫ |
| તલ | ૧૫૦૦ | ૨૧૨૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૦૯૬ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૧૧ |
| લસણ | ૧૭૮૦ | ૪૩૧૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૪૭૦ |
| અજમો | ૧૯૮૦ | ૪૨૧૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૬૦ |
| ડુંગળીસુકી | ૧૨૦ | ૬૬૦ |
| મરચા સુકા | ૭૮૦ | ૮૨૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૨૦ |

# શેરબજારમાં મંદી : સેન્સેક્સમાં ૪૫૦ પોઈન્ટ, નિફ્ટીમાં ૧૬૮ પોઈન્ટનો ઘટાડો



મુંબઈ,તા.૩૦

શેરબજારમાં સપ્તાહમાં પ્રથમ દિવસે નિરાશા જોવો માહોલ છવાયો હતો. ૩૦ ડિસેમ્બરે સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૪૫૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૮,૨૪૮ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૧૬૮ પોઈન્ટ ઘટીને ૨૩,૬૪૦ની સપાટીએ બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૨ ઘટ્યા અને ૮માં તેજી રહી. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૮ ઘટ્યા અને ૧૧માં તેજી રહી. તેમજ, એક શેર કોઈપણ ફેરફાર વિના બંધ થયો હતો. મીડિયા, ઓટો, મેટલ અને PSU બેન્ક સહિતના NSE સેક્ટોરલ ઈન્ડેક્સ ૧% કરતા વધુના નુકસાન સાથે બંધ થયા હતા.

# એક્સાઈઝ ડ્યુટી ઘટશે તો પેટ્રોલ-ડિઝલ સસ્તા જશે




મુંબઈ,તા.૩૦

બજેટની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. તમામ ક્ષેત્રો તેમની માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરી રહ્યા છે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII)એ પણ કેન્દ્ર સરકાર સમક્ષ પેટ્રોલ, ડીઝલ અને ઈન્કમ ટેક્સ પર રાહતો મુદે માગ કરી છે. જો આ માંગણીઓ સ્વીકારવામાં આવશે તો દેશના તમામ લોકોને તેનો સીધો ફાયદો થશે. સીઆઈઆઈએ પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાની માગ કરી છે કે, હાલમાં પેટ્રોલની કિંમતના ૨૧ ટકા અને ડીઝલની કિંમતના ૧૮ ટકા એક્સાઈઝ ડ્યૂટી લાગુ છે. બીજી બાજુ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ ૪૦ ટકા ઘટ્યા હોવા છતાં તેનો લાભ ગ્રાહકો સુધી પહોંચ્યો નથી. જેમાં ફોકસ કરવાથી પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટી શકે છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો**

# રાજ્યભરમાં પત્રકારો/મીડિયા કર્મીઓ માટે "ફિટ મીડિયા, ફિટ ઈન્ડિયા" અભિયાન યોજાયું

ગાંધીનગર,તા.૩૦

ભારતમાં પ્રેસ-મીડિયાને લોકશાહીની ચોથી જાગીર માનવામાં આવે છે. શિયાળો, ઉનાળો હોય કે પછી ચોમાસું, પત્રકારો હરહંમેશ સમાચારો માટે દોડતા રહેતા હોય છે. દેશમાં લોકશાહીને જાળવી રાખવા માટે તટસ્થ -સચોટ માહિતી નાગરિકો સુધી પહોંચાડવાનું નેક કામ પત્રકારો કરે છે. એક સ્વસ્થ અને તંદુરસ્ત પત્રકાર સમાજને જાગૃત રાખવાનું કામ કરે છે ત્યારે તેમની સ્વાસ્થ્યનું મહત્વ સમજીને રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા મીડિયા સંકલનની સાથે સાથે પત્રકારોને પૂરતું મહત્વ અને પત્રકારોને વીમા કવચ સહિતની વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ગુજરાતના પત્રકારોનું સ્વાસ્થ્ય નિરંતર જળવાઈ રહે તે માટે માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ ગુજરાત રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રાજ્યભરમાં પત્રકારો/મીડિયા કર્મીઓ માટે "ફિટ મીડિયા, ફિટ ઈન્ડિયા" અભિયાન તાજેતરમાં હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અભિયાનનો ૧૫ ઓક્ટોબરે અમદાવાદથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી તેમજ માહિતી-પ્રસારણ વિભાગના સચિવ અવંતિકાસિંહ તેમજ માહિતી નિયામક કે. એલ. બચાણીના માર્ગદર્શન હેઠળ ગત તા. ૧૫ ઓક્ટોબરથી તા. ૧૯ ડિસેમ્બર દરમિયાન ગુજરાતના તમામ જિલ્લા મથકો ખાતે જિલ્લા માહિતી કચેરીઓ દ્વારા પત્રકાર/મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ યોજાયેલા હેલ્થ ચેકઅપ કેમ્પમાં રાજ્યના કુલ ૧,૫૩૨ જેટલા પત્રકારો/મીડિયા કર્મીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ હેલ્થ ચેકઅપ દરમિયાન પત્રકાર/મીડિયા કર્મીઓના મુખ્યત્વે બ્લડ ટેસ્ટ, એક્સરે અને ઈસીજી સહિતના વિવિધ સામાન્ય ટેસ્ટ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિટામીન D, વિટામીન B૧૨, કોલેસ્ટ્રોલ, થાઈરોઈડ અને ડાયાબીટિસ સહિતના વિવિધ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. સાથે જ, હેલ્થ ચેકઅપ ટીમ દ્વારા પત્રકાર મિત્રોને આરોગ્ય સંબંધિત અને સ્વસ્થ જીવન સંદર્ભે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# રાજુલાના બાબરીયાધાર ગામે કૂવામાંથી પરણીત યુવતીની લાશ મળતા ચકચાર

રાજુલા, તા.૩૦



રાજુલા તાલુકાના બાબરીયાધાર ગામની સીમ વિસ્તારમાં ૨૫ ફૂટ ઊંડા કૂવામાંથી કોહવાઈ ગયેલી હાલતમાં પરણીત યુવતીની લાશ મળતા લોકોમાં ચકચાર મચી ગઈ હતી. મૃતક યુવતી સોનલબેન કિશનભાઈ ચુડાસમાએ અઢી માસ પહેલા ઘર મૂકીને પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારે યુવતીની માતા દ્વારા ગુમ થયાની પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા કાર્યવાહી દરમ્યાન કૂવામાંથી યુવતીની કોહવાઈ ગયેલી લાશના અવશેષો મળી આવ્યા હતા. આ ઘટનાના પગલે એ.એસ.પી. વલય વૈદ્ય, રાજુલા પીઆઈ કોલાદરા સહિતના ઘટના સ્થળે પહોચ્યા હતા. તપાસ દરમ્યાન તેમના પતિ દ્વારા હત્યા કરીને કૂવામાં ફેંકી દીધી હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. રાજુલા પોલીસે હત્યા કરનાર આરોપીને પકડી પાડવા તપાસ શરૂ કરી છે.

# અમરેલી બોગસ લેટરકાંડ મામલે મુખ્ય આરોપીના એક દિવસના રિમાન્ડ લંબાવાયા

અમરેલી,તા.૩૦

અમરેલી વિધાનસભાના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાને બદનામ કરવાના મામલે પોલીસ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. રિમાન્ડ દરમિયાન આરોપીની સતત પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. રિમાન્ડ દરમિયાન કેટલાક ડોક્યુમેન્ટ લેટરપેડ મળ્યા હોવાના કારણે મુખ્ય આરોપી યુવા ભાજપના પૂર્વ હોદ્દેદાર મનિષ વઘાસીયા સહિત અન્ય આરોપીને લઈ કેટલાક પુરાવા મેળવવા માટે પોલીસે ફરીવાર તપાસ શરૂ કરી હતી, ત્યારબાદ મનીષ વઘાસીયાના ઘરે પણ પોલીસ તપાસ માટે પહોંચી હતી. પોલીસ ખાનગી રાહે કેટલાક મહત્વના પુરાવા એકત્ર કરી રહી છે. પોલીસ તપાસનો હાલ ધમધમાટ ચાલી રહ્યો છે. ત્રણ આરોપીના રિમાન્ડ પુરા થતા ત્રણેયને જેલહવાલે કરવામાં આવ્યા હતા. જયારે બોગસ લેટરકાંડનો મુખ્ય આરોપી મનિષ વઘાસીયાના વધુ એક દિવસના રિમાન્ડ લંબાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે.

# રાજયની ૭ મહાનગરપાલિકા, ૧૭ નગરપાલિકાઓ માટે રૂ.૧૦૦૦.૮૬ કરોડ મંજૂર કરતા મુખ્યમંત્રી

**મુખ્યમંત્રીએ કરોડો રૂપિયા મંજૂર કરતા નગરપાલિકાઓનો વિકાસ થશે**


ગાંધીનગર,તા.૩૦



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમ્યક શહેરી વિકાસની નેમ સાકાર કરતાં રાજ્યની ૭ મહાનગરપાલિકાઓ, ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને 'ક' તથા 'ડ' વર્ગની નાની નગરપાલિકાઓ સહિત ૧૭ નગરપાલિકાઓમાં શહેરીજનોની જીવન સુવિધા વધારવાના કામો માટે કુલ રૂ. ૧૦૦૦.૮૬ કરોડ ફાળવવાની એક જ દિવસમાં મંજૂરી આપી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વર્લ્ડ ક્લાસ ડેવલપમેન્ટને પરિણામે વધતા જતા વ્યાપાર-ઉદ્યોગને કારણે વધી રહેલા શહેરીકરણ અને શહેરોમાં ઉત્તરોત્તર વધતી જન સંખ્યાની સુવિધા સુખાકારી માટે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે આ યોજનાની સફળતાને પગલે ૨૦૨૬-૨૭ સુધી તેને ચાલુ રાખી છે. મુખ્યમંત્રીએ આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત આ ૧૦૦૦.૮૬ કરોડ રૂપિયાના બહુવિધ કામો માટે મંજૂરી આપી છે.

# સુરતના માંગરોળમાં મશીનરી ચડાવતી વખતે દુર્ઘટના : એકનું મોત

સુરત,તા.૩૦



સુરતના માંગરોળ તાલુકાના મોલવણ ખાતે મશીનરી ચડાવતી વખતે એક કરૂણ દુઘર્ટના સર્જાઇ હતી. જેમાં મોટી ક્રેન નાની ક્રેન પર પડતાં નાની ક્રેનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના માંગરોળ તાલુકા મોલવણથી દુઃખદ સમાચાર સામે આવ્યા છે. મોલવણ ખાતે મશીનરી ચડાવતી વખતે કોઇ આકસ્મિક કારણોસર મોટી ક્રેન નાની ક્રેન પર પડતાં નાની ક્રેનનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

# રાજયના ૧૩ જિલ્લામાં અંદાજે ૨૨૨ વરૂ નોંધાયા

ગાંધીનગર,તા.૩૦



ગુજરાત તેની સમૃદ્ધ જૈવવિવિધતાના કારણે સમગ્ર દેશમાં જાણીતું છે. રાજ્ય સરકારે હર હંમેશ વન્યજીવ અને સમગ્ર પ્રાણીસૃષ્ટીની ચિંતા કરી અને તેમના જતન માટે અનેક પ્રયાસ કર્યા છે. રાજ્યના જંગલોમાં ઘણા દુર્લભ અને સંવેદનશીલ પ્રાણીઓ જોવા મળે છે, જેમાં ભારતીય વરુનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં વરુના સંરક્ષણ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિવિધ સંરક્ષણલક્ષી પ્રવૃત્તિઓ અમલી બનાવવામાં આવી છે. જેના કારણે પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદનું વાતાવરણ છે. વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરા અને રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં આ પહેલ વધુ સુદ્રઢ અને મજબુત બની છે. જેના પરિણામે ગુજરાત વન વિભાગે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. મંત્રીઓની આગેવાનીમાં તાજેતરમાં વન વિભાગ અને ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ('ગીર') ફાઉન્ડેશન દ્વારા મહત્વની પહેલ કરવામાં આવી છે. જેમાં વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં વરુ વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જેમાં રાજ્યના ૧૩ જિલ્લામાં અંદાજે ૨૨૨ વરુ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ૮૦ વરુ ભાવનગર જિલ્લામાં નોંધાયા છે. જ્યારે ૩૯ નર્મદા જિલ્લામાં, ૩૬ બનાસકાંઠામાં, ૧૮ સુરેન્દ્રનગરમાં, ૧૨-૧૨ જામનગર અને મોરબીમાં તેમજ ૦૯ કચ્છ જિલ્લામાં વરુ જોવા મળ્યા છે. ઉપરાંત પોરબંદર, મહેસાણા, નવસારી, પાટણ, અરવલ્લી અને સુરત જિલ્લામાં પણ વરુનું અસ્તિત્વ નોંધાયું છે.

# સાવરકુંડલા-લીલીયામાં જળસંગ્રહ માટે કરોડોનાં કામોને મંજૂરી : ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી

સાવરકુંડલા,તા.૩૦





સાવરકુંડલા-લીલીયા વિધાનસભા ક્ષેત્રમાં પાણી સંગ્રહ વ્યવસ્થા મજબૂત કરવા માટે કુલ રૂ. ૩૦૩.૯૩ લાખના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ ખેતીમાં હરિત ક્રાંતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે આ પ્રોજેક્ટ્સ માટે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી, મંત્રીઓ અને સચિવ કક્ષાએ રજૂઆત કરી હતી. મંજૂર થયેલા પ્રોજેક્ટ્સમાં કૃષ્ણગઢ ગામના તળાવને મજબૂત કરવા માટે રૂ. ૧૪૬ લાખ, નાવલી નદી પર ઉપરવાસમાં આવેલા સૂકનેરા તળાવને ઊંડું કરી પ્રોટેક્શન દીવાલ બનાવવા માટે રૂ. ૧૦૯.૬૨ લાખ અને લીલીયાના બોડિયા ગામના તળાવને ઊંડું કરી પ્રોટેક્શન દીવાલ બનાવવા માટે રૂ. ૪૮ લાખનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સનો મુખ્ય ઉદ્દેશ્ય નદીઓ અને તળાવોને ઊંડા કરી પાણીનો સંગ્રહ વધારવાનો છે, જેથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવે અને ખેડૂતો બારેમાસ ખેતી કરી શકે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સાવરકુંડલા નિવાસી ડોક્ટર જે.બી.વડેરા (M.S.)ના ધર્મપત્ની શ્રીમતી ઉમાબેન જે.વડેરા. તારીખ ૨૮/૧૨/૨૦૨૪ ને શનિવાર ના રોજ દૂ:ખદ અવસાન થયેલ છે.સદ્દગત તેમની પાછળ સુપુત્રી ડો.ડિમ્પલબેન દોશી, સુપુત્ર ડોક્ટર વિરલભાઇ, જમાઇ ડોક્ટર મિલન ભાઇ દોશી તથા પુત્રવધૂ લીનાબેન વડેરા છોડતાં ગયા છે.લીઃ બાવચંદભાઇ માવજીભાઈ વડેરા પરિવારનાં જય કામનાથ.


**સંકુલ ઓછી ફી - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ**

- ★ BA(Eng) Sem. I – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ BA(Soc) Sem. I – 95% પરિણામ સાથે 91% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.Com.(EM) Sem. I – 96% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.Sc.(Basic) Sem. V – 91% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.C.A. Sem. III – 100% પરિણામ સાથે 99% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.B.A. Sem. III – 96% પરિણામ સાથે 92% ફર્સ્ટક્લાસ 2023–24

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી -Ad 087


# સુરતમાં ૨૦ દિવસ પહેલા રાખેલા નોકરે રૂ.૧.૨૭ લાખની ચોરી કરી

સુરત,તા.૩૦

સુરતના અલથાણામાં મોબાઈલ સહિત રોકડની ચોરીનો કેસ નોંધાયો છે. નોકરે ત્રણ મોબાઈલ તેમજ રોકડા રૂ. ૧.૨૭ લાખની ચોરી કરી હતી. નોકરને ફક્ત ૨૦ દિવસ પહેલા જ કામ પર રાખવામાં આવ્યો હતો. ફરિયાદીનું કુટુંબ લગ્નપ્રસંગમાં ગયું હતું ત્યારે આ ચોરી કરવામાં આવી હતી. આરોપી નોકર ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આરોપી સામે અલથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.


**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૨૪૮/૨૦૨૪

અરજદાર :- શ્રી રાણીબેન કાનાભાઈ બારૈયા
સરનામું :- મું.નાગેશ્રી, તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી-નાગેશ્રી
મું.નાગેશ્રી, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામના શ્રી **રાણીબેન કાનાભાઈ બારૈયા** એ તેમના **પતિ નામે સ્વ. શ્રી કાનાભાઈ ભીખાભાઈ બારૈયા નું મરણ તા.૧૮/૦૪/૧૯૮૨ ના** રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **જે.કે.મજેઠીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૪ માહે.ડીસેમ્બર સને.૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૪/૧૨/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**



**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

PGVCL

રજી. અને કોર્પોરેટ ઓફિસ, ''પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન''
નાના મવા મેઈન રોડ,લક્ષ્મીનગર, રાજકોટ–૩૬૦ ૦૦૪
CIN : U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭ ફેક્સઃ ૨૩૮૦૪૨૮
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**જાહેર નિવેદા**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) ના માનવંતા વીજ ગ્રાહકોને જણાવાનું કે જે વીજ થાંભલા પરથી વીજ જોડાણ આપવામાં આવેલ હોય તે સિવાયના PGVCL ના વીજ માળખાં/ અન્યના વીજ જોડાણ માંથી પોતાની રીતે અથવા અન્ય કોઈ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવું ગેરકાયદેસર છે. આ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવાથી વીજ માળખામાં કામગીરી કરતા PGVCL ના કર્મચારી અને ઠેકેદાર દ્વારા લાઈન બંધ કરેલી હોવા છતા રીટન પાવર આવવાની શકયતા રહેલી છે અને આથી વીજ કર્મચારી/ઠેકેદારોના માણસોને પ્રાણઘાતક અકસ્માત થઈ શકે છે. તેમજ તાજેતરમાં બિનઅધિકૃત વીજ જોડાણ ના લીધે વીજ કર્મચારીના પ્રાણઘાતક અકસ્માતના દુઃખદ કિસ્સાઓ બનેલ છે જેથી ગ્રાહક/આસામી સામે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. આ ગેરકાયદેસર કામ કરનારને જેલની સજા થઈ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો– સલામતી અપનાવો જિંદગી બચાવો**

તા.૩૦/૧૨/ ૨૦૨૪ મુખ્ય ઈજનેર (ટેક), પીજીવીસીએલ,રાજકોટ



**જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-એકલેરા ગામે ખેડુત ખાતા નં-૭૩૩ ની ખેતીના માલીક શ્રી અનિલભાઈ વશરામભાઈ પાંચાણી ના સ્વતંત્ર નામે મોજે-એકલેરા, સ.નં-૧૫૮ પૈકી ૧, ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧-૪૦-૬૩, આકાર-૯.૪૭ વાળી ખેતીની જમીન...

ઉપરોકત જણાવ્યા મુજબની ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણ થી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે નીચેના સરનામે રજુ કરશો.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામા, પંચાયત વિભાગમા, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) મા અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**મારા અસીલની સુચના અને ફરમાઈશથી.....**

સ્થળ :- લીલીયા
તારીખ :- ૩૦/૧૨/૨૦૨૪

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
ઠે.પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, જિ.અમરેલી
મો.નં. ૯૮૯૮૩ ૧૩૮૯૪



**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૨૫૯/૨૦૨૪

અરજદાર :- શ્રી શિયાળ કંચનબેન વિઠલભાઈ
સરનામું :- મું.શિયાળબેટ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના શ્રી **શિયાળ કંચનબેન વિઠલભાઇ** એ તેમની (૧) **પુત્રી નામે શ્રી શિયાળ દક્ષાબેન વિઠલભાઇ નો જન્મ તા.૦૧/૧૦/૨૦૧૬** (૨) પુત્રી **નામે શ્રી શિયાળ કિંજલબેન વિઠલભાઇ નો જન્મ તા.૧૫/૦૬/૨૦૨૦** ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી મહેશભાઇ જે. બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૪ માહે.ડીસેમ્બર સને.૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૨૪/૧૨/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**



**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

PGVCL

રજી. અને કોર્પોરેટ ઓફિસ, ''પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન''
નાના મવા મેઈન રોડ,લક્ષ્મીનગર, રાજકોટ–૩૬૦ ૦૦૪
CIN : U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭ ફેક્સઃ ૨૩૮૦૪૨૮
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**વીજ અકસ્માત અટકાવવા માટે નાગરિકોએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો**

**વીજ વિક્ષેપ અંગે ગ્રાહક સુવિધા કેન્દ્રના ટોલ ફ્રી નંબર ૧૮૦૦–૨૩૩–૧૫૫૩૩૩ નો સંપર્ક કરો તેમજ અન્ય નં. ૧૯૧૨૨ પર સંપર્ક કરવો**

૧. દરેક બાંધકામનું ઈલેકિટ્રકલ નેટવર્ક થી સલામત અંતર જાળવવું જરૂરી છે અન્યથા વીજઅકસ્માત થઈ શકે છે.
૨. ભારે / મોટા વાહનચાલકો જેવા કે બસ, ટ્રક, હાઈડ્રોલીક ડમ્પર તથા ઉંચાઈ વાળા ભારે વાહનોને વીજલાઈનની નીચે/ નજીક ઉભા રાખવા નહિ.
૩. ભીના હાથે સ્વીચો / પ્લગોને ના અડકવું. વીજ થાંભલા, ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ, ટ્રાન્સફોર્મર સેન્ટર, લાઈન વિગેરેને અડકવું નહી અને તેનાથી દુર રહેવું, વીજ થાંભલા કે તેના તાણીયા સાથે ઢોર ને બાંધવા નહિ કે કપડા સૂકવવા માટે દોરી બાંધવી નહી.
૪. ઈલેકિટ્રક શોકથી બચવા યોગ્ય ક્ષમતાની ISI માર્કવાળા RCCB/ELCB તેમજ ઓવરલોડ/ શોર્ટ સર્કીટથી બચવા યોગ્ય ક્ષમતાની MCCB/ ફયુઝ વાપરવા જરૂરી છે
૫. વાડી/ખેતરની ફરતે કે વીજલાઈનની નીચે સળંગ ધાતુની ફેન્સીંગ ન કરો તથા તેમાં વીજ જોડાણમાંથી વીજ પ્રવાહ પ્રસારિત ન કરો. તે મુજબ વીજ પ્રવાહ પસાર કરવાથી કોઈ વન્ય પ્રાણી/ મનુષ્યને વીજઅકસ્માત થઈ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો– સલામતી અપનાવો જિંદગી બચાવો**

તા. ૩૦/૧૨/૨૦૨૪ મુખ્ય ઈજનેર (ટેક), પીજીવીસીએલ,રાજકોટ

# છત્તીસગઢ સરકારે નક્સલવાદીઓ માટે નવી નીતિ બનાવી, દર મહિને ૧૦ હજાર, મકાન-પ્લોટ આપશે

રાયપુર,તા.૩૦



છત્તીસગઢ સરકાર નક્સલવાદીઓ માટે મોટું દિલ દેખાડી રહી છે, તે પોતાના વતન પરત જવાનો રસ્તો ગુમાવી ચૂકેલા યુવાનોને રસ્તો બતાવવા માંગે છે. આ કારણસર સરકારે નક્સલવાદને ખતમ કરવા માટે નવી નીતિ બનાવી છે. આમાં સરકારે નક્સલવાદીઓને પોલીસનો ડર નહીં પરંતુ સરકારનું ઉદાર દિલ બતાવીને તેમને ફરીથી મુખ્ય પ્રવાહમાં જોડવાનો પ્રયાસ કર્યો છે. આ નીતિ હેઠળ સરકાર આત્મસમર્પણ કરનારા નક્સલવાદીઓને આર્થિક મદદ કરશે. ગૃહમંત્રી અને ડેપ્યુટી સીએમ વિજય શર્માએ કહ્યું કે નક્સલવાદીઓને આત્મસમર્પણ કરવા પર દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. તેમજ આત્મસમર્પણ કરનાર નક્સલવાદીઓને પકડનારને આપવામાં આવતા ઈનામ પણ નક્સલવાદીઓને જ આપવામાં આવશે. અત્યાર સુધી આ રકમ નક્સલવાદીઓને પકડનાર સુરક્ષા દળોની ટીમોમાં વહેંચવામાં આવતી હતી.

# પીઓકેમાં આતંકવાદીઓના લોન્ચ પેડ સક્રિય થતા જમ્મુ-કાશ્મીરમાં સેના સતર્ક

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૩૦



એક તરફ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સ્થિતિ તણાવપૂર્ણ છે, તો બીજી તરફ પીઓકેમાં પણ પાકિસ્તાન વિરુદ્ધ વિદ્રોહના અવાજો સતત જોવા મળી રહ્યા છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનને ચિંતા છે કે પીઓકે તેમના હાથમાંથી નીકળી શકે છે. તાજેતરમાં પીઓકેમાં આતંકવાદી સંગઠન અને આઈએસઆઈ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુદ્દો એ હતો કે કાશ્મીર મુદ્દાને કેવી રીતે પુનર્જીવિત કરવો. આતંકવાદીઓનું પરિવહન કેવી રીતે કરવું અને હથિયારો કેવી રીતે પહોંચાડવા. નિયંત્રણ રેખા વિસ્તારમાં હિમવર્ષા થઈ રહી છે, પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં લોન્ચ પેડ પર ૧૫૦-૨૦૦ આતંકીઓ હાજર છે. સૂત્રોનું એમ પણ કહેવું છે કે ૧૭ ટ્રેનિંગ કેમ્પ અને ૩૭ લોન્ચ પેડ્સ એક્ટિવેટ કરવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં સેનાના જવાનો હિમવર્ષામાં પણ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે જેથી આતંકવાદીઓનું ષડયંત્ર કોઈપણ સંજોગોમાં સફળ ન થાય.

# મહારાષ્ટ્રમાં નેતા નીતિશ રાણેએ કેરળની તુલના મિની પાકિસ્તાન સાથે કરી

પુણે,તા.૩૦

મહારાષ્ટ્રના પુણેમાં એક કાર્યક્રમ દરમિયાન બીજેપી નેતા નીતિશ રાણેએ કેરળની તુલના મિની પાકિસ્તાન સાથે કરી હતી. તેમણે કહ્યું કે આ રાજ્ય એક મિની પાકિસ્તાન જેવું છે, તેથી જ રાહુલ ગાંધી અને તેમની બહેન ત્યાંથી સાંસદ તરીકે ચૂંટાયા છે. તેણે કહ્યું, ×અમારા કેટલાક મિત્રો કેરળથી આવ્યા છે. મેં કહ્યું તેમની ઓળખ જણાવો. કેરળ જેવા રાજ્યમાં ૧૨૦૦૦ મહિલાઓને બચાવી લેવામાં આવી છે. અરે, તે મિની પાકિસ્તાન જેવું છે, તેથી જ રાહુલ ગાંધી અને તેમની બહેન ત્યાંથી સાંસદ છે. નીતિશ રાણેના આ નિવેદનથી ખળભળાટ મચી ગયો છે. આ પહેલા પણ તે ઘણા વિવાદાસ્પદ નિવેદનો આપી ચુક્યા છે. એક રિપોર્ટ અનુસાર રાણે વિરુદ્ધ ૩૮ કેસ નોંધાયેલા છે. એક નિવેદનમાં તેમણે કહ્યું હતું કે ભારતમાં ૯૦ ટકા હિંદુઓ રહે છે અને તેમના હિતોની વાત કરવી ખોટું નથી.

# દિલ્હીમાં પૂજારીઓને દર મહિને ૧૮,૦૦૦ રૂપિયા આપવામાં આવશે : કેજરીવાલે કરી મોટી જાહેરાત

નવીદિલ્હી,તા.૩૦



દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ પહેલા આમ આદમી પાર્ટીએ પૂજારી અને ગ્રંથી સન્માન યોજનાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ દિલ્હીના તમામ પૂજારીઓને દર મહિને ૧૮૦૦૦ રૂપિયા આપવામાં આવશે. ખાસ વાત એ છે કે આ યોજના હેઠળ મંગળવાર (૩૧ ડિસેમ્બર)થી અરજી કરી શકાશે. દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીની આ ત્રીજી મોટી યોજના છે. આ પહેલા આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મહિલા સન્માન યોજના અને સંજીવની યોજનાની જાહેરાત કરી હતી. મહિલા સન્માન યોજના હેઠળ, દિલ્હીમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરની પાત્ર મહિલાઓને દર મહિને ૧૦૦૦ રૂપિયા આપવામાં આવશે. તે જ સમયે, જો ૨૦૨૫માં આમ આદમી પાર્ટી સરકાર બનાવે છે, તો આ રકમ વધારીને ૨૧૦૦ રૂપિયા કરવામાં આવશે. સંજીવની યોજના હેઠળ દિલ્હીમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોની સારવારનો ખર્ચ સરકાર ઉઠાવશે. કેજરીવાલે સોમવારે સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર કહ્યું હતું કે તેઓ બપોરે ૧૨ વાગ્યે એક મોટી જાહેરાત કરશે, જેનાથી દિલ્હીના લોકો ખૂબ જ ખુશ થશે. દિલ્હીમાં આગામી વર્ષે ફેબ્રુઆરી મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ શકે છે. આવી સ્થિતિમાં આમ આદમી પાર્ટી ચૂંટણી મોડમાં આવી ગઈ છે.

# નવા વર્ષની ઉજવણી કરવી હરામ, મૌલાના શહાબુદ્દીન રઝવીએ ફતવો બહાર પાડ્યો

લખનૌ,તા.૩૦

ડિસેમ્બર પૂરો થવા જઈ રહ્યો છે અને નવા વર્ષની ઉજવણી શરૂ થવા જઈ રહી છે. નવા વર્ષની ઉજવણીને લઈને ફતવો પણ બહાર પાડવામાં આવ્યો છે. બરેલવી મસ્લાકના ચશ્મ-એ-દારુલ ઈફ્તાએ નવા વર્ષની ઉજવણી અને શુભેચ્છા પાઠવવાને ગેર-ઈસ્લામિક ગણાવ્યા છે. તેણે ફતવો બહાર પાડીને મુસ્લિમોને તેનાથી દૂર રહેવાની સૂચના આપી છે. દારુલ ઈફ્તાના મુખ્ય મુફ્તી અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવીએ જારી કરેલા ફતવામાં જણાવ્યું હતું કે નવા વર્ષની ઉજવણી કરવી, આ અવસર પર પાર્ટીઓનું આયોજન કરવું ઈસ્લામિક દૃષ્ટિકોણથી ગેરકાનૂની છે. ફતવામાં કહેવામાં આવ્યું છે કે જાન્યુઆરીથી શરૂ થતું નવું વર્ષ ખ્રિસ્તીઓનું નવું વર્ષ છે. આ સંપૂર્ણ રીતે ખ્રિસ્તીઓનો ધાર્મિક કાર્યક્રમ છે. તેથી, મુસ્લિમો માટે નવું વર્ષ ઉજવવું માન્ય નથી. તે કહે છે કે ઈસ્લામ આવા કાર્યક્રમો પર સખત પ્રતિબંધ મૂકે છે.

# રોપ-વે વિવાદ પર એલ.જી. બોલ્યા : વૈષ્ણોદેવી શાઈન બોર્ડ તમામ હિતધારકોનું ધ્યાન રાખશે

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૩૦




તારાકોટ રોપ-વે વિવાદ વચ્ચે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કહ્યું છે કે માતા વૈષ્ણોદેવી શાઈન બોર્ડ કટરાના તમામ હિતધારકોના હિતોનું ધ્યાન રાખશે. આ મુદ્દાનો ઉકેલ વાતચીતથી જ આવશે અને ઉચ્ચ સ્તરીય સમિતિ આ દિશામાં પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું છે કે રોપ-વેના નિર્માણથી જૂના રૂટ પરથી મુસાફરી કરતા મુસાફરોની સંખ્યામાં ઘટાડો નહીં થાય. રોપ-વેનો ઉપયોગ કરવા માટે કટરામાં નિહારિકા ખાતેથી જ ટિકિટ ખરીદવાની રહેશે. આવી સ્થિતિમાં જેને રોપ-વેથી જવું હોય તેણે કટરા આવવું પડશે. જો જરૂરી હોય તો, દિલ્હી-કટરા એક્સપ્રેસવેના સંરેખણ પર પણ ચર્ચા થઈ શકે છે. ઉપરાજ્યપાલે રાજભવન ખાતે જણાવ્યું હતું કે રોપ-વેનું નિર્માણ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને કરવામાં આવી રહ્યું છે. એનજીટીએ તબક્કાવાર જૂના રૂટ પરથી ઘોડા અને ખચ્ચર હટાવવાનું કહ્યું છે. બોર્ડ તેને ધ્યાનમાં રાખીને કામ કરી રહ્યું છે.

# વર્તમાન નાણાકીય વર્ષમાં ૬.૬% વૃદ્ધિ દરનો અંદાજ

મુંબઈ,તા.૩૦

ભારતીય અર્થતંત્ર સ્થિતિ સ્થાપકતા અને સ્થિરતા દર્શાવે છે. ૨૦૨૪-૨૫માં જીડીપી ૬.૬ ટકા વધવાનો અંદાજ છે. ભારતીય રિઝર્વ બેંકે પોતાના એક રિપોર્ટમાં આ વાત કહી છે. આરબીઆઈના ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી રિપોર્ટ અનુસાર ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ્સ રેશિયો બહુ-વર્ષના નીચા સ્તરે પહોંચી ગયો છે. આરબીઆઈના અહેવાલ મુજબ, એનબીએફસી પર્યાપ્ત મૂડી બફર્સ, મજબૂત વ્યાજ માર્જિન અને કમાણી અને સારી સંપત્તિ ગુણવત્તા સાથે સ્વસ્થ રહે છે. બમ્પર ખરીફ પાક અને રવિ પાકની સંભાવનાઓની વિઘટનકારી અસર ખાદ્ય અનાજના ભાવમાં મધ્યસ્થ થવાની ધારણા છે, એમ આરબીઆઈના અહેવાલમાં જણાવાયું છે. ભારતીય અર્થવ્યવસ્થા સ્થિતિસ્થાપકતા અને સ્થિરતા દર્શાવે છે અને ૨૦૨૪-૨૫માં કુલ સ્થાનિક ઉત્પાદન ૬.૬ ટકાના દરે વધવાનો અંદાજ છે.

# બાંગ્લાદેશી મૂળના અમેરિકનો હિંદુઓના સમર્થનમાં આવ્યા : હસ્તક્ષેપ કરવાની ટ્રમ્પને વિનંતી કરી

વોશિંગ્ટન,તા.૩૦



બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ હિંસાનો વિરોધ અમેરિકામાં પણ જોવા મળી રહ્યો છે. આ ક્રમમાં હવે અમેરિકામાં બાંગ્લાદેશી મૂળના અમેરિકન હિન્દુ, બૌદ્ધ અને ખ્રિસ્તી સમુદાયના લોકોએ વિરોધ કર્યો છે. બાંગ્લાદેશી મૂળના અમેરિકન લોકોએ નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બાંગ્લાદેશમાં ધાર્મિક અને વંશીય લઘુમતીઓ સામે ચાલી રહેલા અત્યાચારો અંગે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે. બાંગ્લાદેશી મૂળના અમેરિકનોએ ટ્રમ્પને બાંગ્લાદેશમાં તેમની સુરક્ષામાં મદદ માટે વિનંતી કરી છે, જેમાં ઈસ્લામિક દળો દ્વારા લઘુમતી સમુદાય માટે 'અસ્તિત્વની કટોકટી' ઉભી કરવાના ખતરાનો ઉલ્લેખ કર્યો છે. હિંદુ સંત ચિન્મય કૃષ્ણ દાસની તાત્કાલિક મુક્તિ સુનિશ્ચિત કરવા ટ્રમ્પને વિનંતી કરતા, જૂથે સભાને કહ્યું કે બાંગ્લાદેશમાં કટ્ટરપંથીનો ખતરો વધી રહ્યો છે, જે માત્ર દક્ષિણ એશિયા માટે જ નહીં પરંતુ બાકીના વિશ્વ માટે પણ દૂરગામી અસરો કરી શકે છે.

# અમેરિકાના ૩૯મા રાષ્ટ્રપતિ જીમી કાર્ટરનું ૧૦૦ વર્ષની વયે નિધન

વોશિંગ્ટન,તા.૩૦

અમેરિકાના ૩૯મા રાષ્ટ્રપતિ જીમી કાર્ટરનું ૧૦૦ વર્ષની વયે અવસાન થયું છે. લાંબા સમયથી તેની સારવાર ચાલી રહી હતી. બાઈડેને કહ્યું કે, કાર્ટર તેનો મિત્ર છે. તમને જણાવી દઈએ કે જીમી કાર્ટર એવા વ્યક્તિ તરીકે ઓળખાય છે જેણે ગરીબો અને વંચિતોની સેવા કરી હતી. તેમના અધિકારોની હિમાયત કરતા હતા અને અમેરિકામાં નિષ્પક્ષ ચૂંટણી માટે કડક પગલાં લીધાં હતા. જીમી કાર્ટર છેલ્લા કેટલાક દિવસોથી મેલાનોમાથી પીડિત હતા. આ ત્વચા કેન્સરનું એક સ્વરૂપ છે. કહેવાય છે કે આ બીમારીને કારણે તેનું મગજ અને લીવર ડેમેજ થઈ ગયું હતું. ૨૦૨૩માં જ તેણે નક્કી કર્યું હતું કે હવે તેની સારવાર ઘરે જ કરવામાં આવશે. ડોકટરો અને નર્સોની હાજરીમાં ઘરે જ તેની સારવાર કરવામાં આવી રહી હતી. રાષ્ટ્રપતિ પદ છોડ્યા પછી પણ તેઓ માનવતાવાદી કાર્યમાં જોડાયેલા રહ્યા હતા.

# દિલ્હીથી સીધી શ્રીનગર પહોંચશે ટ્રેન, પ્રધાનમંત્રી મોદી પહેલી યાત્રા કરશે

નવીદિલ્હી,તા.૩૦



તમામ હવામાન પરિસ્થિતિઓમાં કાશ્મીર ખીણને બાકીના ભારત સાથે જોડાયેલ રાખવા માટે સરકાર લાંબા સમયથી કનેક્ટિવિટી પર કામ કરી રહી છે. આ દિશામાં નવા વર્ષમાં દેશને મોટી ભેટ મળવા જઈ રહી છે. ભારતીય રેલવે માટે પણ આને માઈલસ્ટોન માનવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં દિલ્હીથી શ્રીનગરને સીધી જોડતી રેલ લાઈન જાન્યુઆરીમાં શરૂ થવા જઈ રહી છે. આ રૂટ પર વંદે ભારત એક્સપ્રેસ જેવી લક્ઝરી ટ્રેનો દોડાવવાની પણ તૈયારીઓ ચાલી રહી છે. જાણકારી મળી છે કે પીએમ નરેન્દ્ર મોદી પોતે દિલ્હીથી શ્રીનગર સુધીની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસમાં મુસાફરી કરશે. ઉદ્ઘાટનના દિવસે પીએમ નરેન્દ્ર મોદી ટ્રેનમાં મુસાફરી કરશે. આ અંગે હાલમાં ટ્રાયલ ચાલી રહી છે. ઉત્તર રેલવેના મુખ્ય પ્રવક્તા હિમાંશુ શેખર ઉપાધ્યાયે આ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું, 'કટરા અને રિયાસી વચ્ચેના ૧૭ કિલોમીટર લાંબા સેક્શન પર કામ ચાલી રહ્યું છે.

# ગાઝાની કમલ અડવાન હોસ્પિટલ ઈઝરાયલી સેનાએ કબજે કરી

(એચ.એસ.એલ),ગાઝા,તા.૩૦

ગાઝામાં કમલ અડવાન હોસ્પિટલ પર ઈઝરાયેલી સેનાએ કબજો જમાવ્યો હોવાના સમાચાર છે. હોસ્પિટલના ડાયરેક્ટરનો દાવો છે કે ઈઝરાયલી સૈનિકોએ બળજબરીથી હોસ્પિટલ ખાલી કરાવી છે. આ હોસ્પિટલ ઉત્તરી ગાઝા પટ્ટીમાં છેલ્લી બાકી રહેલી તબીબી સુવિધાઓમાંની એક હોવાનું કહેવાય છે. કમલ અડવાન હોસ્પિટલના ડિરેક્ટરે જણાવ્યું હતું કે શુક્રવારે ઈઝરાયેલી સૈનિકોએ કેટલાક તબીબી કર્મચારીઓને હોસ્પિટલ ખાલી કરવાનો આદેશ આપ્યો હતો અને કેટલાકને અટકાયતમાં લીધા હતા. બાદમાં હોસ્પિટલની સુવિધાઓના કેટલાક ભાગોને આગ ચાંપવામાં આવી હતી. ઈઝરાયેલ લાંબા સમયથી કહે છે કે કમલ અદવાન હમાસનો ગઢ છે જ્યાં આતંકવાદીઓ સક્રિય છે. આઈડીએફએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઈઝરાયેલી સૈનિકો આ વિસ્તારમાં લક્ષ્યાંકિત ઓપરેશન ચલાવી રહ્યા છે.

# વિશ્વમાં ચાલી રહેલા યુદ્ધોની ભારે અસર, શરણાર્થીઓની સંખ્યા ૧૨૨ મિલિયન પહોંચી

વોશિંગ્ટન,તા.૩૦



હાલમાં સમગ્ર વિશ્વમાં શરણાર્થીઓની સંખ્યા વધી રહી છે. યુએનએચસીઆર (યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર રેફ્યુજીસ)ના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૪માં શરણાર્થીઓની સંખ્યા ૧૨૨ મિલિયન થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર વિશ્વભરમાં શરણાર્થીઓની સંખ્યામાં વર્ષ ૨૦૨૩ની સરખામણીએ વધુ વધારો થયો છે. હકીકતમાં, વિશ્વના ઘણા ભાગોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે, લાખો લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. સુદાનમાં ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ગયા વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. લેબનોનમાં સંઘર્ષ ચાલી રહ્યો છે અને યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ જ કારણ છે કે લાખો લોકો પોતાનો જીવ બચાવવા માટે પોતાનો દેશ છોડવા મજબૂર બન્યા છે અને હિજરત કરી રહ્યા છે. જેના કારણે સમગ્ર વિશ્વમાં શરણાર્થીઓની સંખ્યા ૧૨૨ મિલિયન સુધી પહોંચી ગઈ છે. જર્મનીમાં યુએનએચસીઆરના રાષ્ટ્રીય નિર્દેશક પીટર રુહેનસ્ટ્રોથ-બાઉરે આ આંકડાઓને ચિંતાજનક ગણાવ્યા છે.

# મેલબોર્નમાં ટીમ ઈન્ડિયાની શરમજનક હાર, ઓસ્ટ્રેલિયાની શ્રેણીમાં ૨-૧થી લીડ

મેલબોર્ન,તા.૩૦



ટીમ ઈન્ડિયાને મેલબોર્ન ટેસ્ટમાં ૧૮૪ રનથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો અને હવે ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર શ્રેણીમાં ૨-૧થી લીડ મેળવી લીધી છે. ભારતીય ટીમ તરફથી યશસ્વી જયસ્વાલે સૌથી વધુ ૮૪ રનની ઈનિંગ રમી હતી. આ પહેલા આજે ઓસ્ટ્રેલિયાનો બીજો દાવ ૨૩૪ રનમાં સમેટાઈ ગયો હતો. ભારતને જીતવા માટે ૩૪૦ રનનો ટાર્ગેટ મળ્યો હતો. લક્ષ્યનો પીછો કરતી વખતે ભારતને રોહિત શર્મા, કેએલ રાહુલ અને વિરાટ કોહલીના રૂપમાં ત્રણ આંચકાઓ લાગ્યા હતા. કેપ્ટન પેટ કમિન્સ અને સ્કોટ બોલેન્ડે ત્રણ-ત્રણ વિકેટ લીધી, જેના કારણે ઓસ્ટ્રેલિયાએ સોમવારે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બોક્સિંગ ડે ટેસ્ટમાં ભારતને ૧૮૪ રનથી હરાવ્યું હતું. ચાના સમયે ભારતનો સ્કોર ૧૧૨/૩ હતો, જેમાં યશસ્વી જયસ્વાલે અર્ધસદી ફટકારી હતી અને રિષભ પંતે અદ્ભુત સંયમ દર્શાવ્યો હતો. પરંતુ રોમાંચક ટેસ્ટ મેચના અંતિમ સત્રમાં, પંત ટ્રેવિસ હેડનો શિકાર બન્યો અને આનાથી ઓસ્ટ્રેલિયા માટે લીડ લેવાનો માર્ગ ખુલ્યો કારણ કે ભારત ૧૨૧/૩ થી ૧૫૫ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

# અમરેલીના ઈશ્વરીયા ગામ નજીક ત્રિપલ અકસ્માત, એકનું કરૂણ મોત

**અમરેલી નગરપાલિકાના સભ્ય સની ડાબસરાના મોતથી અરેરાટી**




અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ડમ્પર કાળમુખા બની ફરી રહ્યા છે. ભૂતકાળમાં ડમ્પરની અડફેટે અનેક લોકો મોતને ભેટયા છે ત્યારે આજે ફરી એકવાર ડમ્પરે અકસ્માત સર્જતા અમરેલી પાલિકા સદસ્યનું મોત નિપજયું હતું. અમરેલી તાલુકાના ઈશ્વરીયા ગામ પાસે સાંજના સુમારે માતેલા સાંઢની જેમ જતાં ડમ્પરે એક કાર અને મોટર સાયકલને અડફેટે લેતા એક યુવાનનું મોત નિપજયું હતું. જાણવા મળતી માહિતી મુજબ ઈશ્વરીયા ગામ નજીક ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. સ્વિફટ કાર, ડમ્પર અને મોટર સાયકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં અમરેલી નગરપાલિકાના સદસ્ય સની ડાબસરાનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જયારે ડમ્પર ચાલક અને બાઈક ચાલકને ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# ઉત્તર-પૂર્વ તરફથી આવતા ઠંડા પવનોને કારણે ગુજરાતીઓ ઠુંઠવાયા : નલીયા સૌથી વધુ ઠંડુ

ગાંધીનગર,તા.૩૦



રાજ્યમાં છેલ્લા બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થતા લોકો ઠુંઠવાયા છે. ઉત્તર અને ઉત્તર-પૂર્વ તરફથી ફૂંકાઈ રહેલા પવન હાલ લોકોને ધ્રુજાવી રહ્યા છે. ૬.૫ ડિગ્રી સામે કચ્છનું નલિયા વધુ એકવાર સૌથી ઠંડું શહેર રહ્યું હતું. ગુજરાતની સાથે પાડોશી રાજ્ય રાજસ્થાનમાં પણ કડકડતી ઠંડી પડી રહી છે. માઉન્ટ આબુ પર તાપમાનનો પારો માઈનસ ૩ ડિગ્રી થતા ઠેર ઠેર બરફની ચાદર છવાયેલી જોવા મળી રહી છે. ક્રિસમસ વેકેશનની મજા માણવા આવેલા પ્રવાસીઓ માઈનસ તાપમાનમાં પણ વાતાવરણની મોજ માણતા જોવા મળી રહ્યા છે. હાલમાં ગુજરાત પર ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે જેની દિશા બદલાઈને આગામી બે દિવસમાં પૂર્વ તરફથી થવાની હોવાથી તાપમાનમાં સામાન્ય વધારો નોંધાઈ શકે છે. પરંતુ તેમ છતાં પવનની ગતિ ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેવાથી ઠંડી રહેશે. ઉલ્લેખનીય છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો હટી જતા વાતાવરણમાં ધુમ્મસનું પ્રમાણ પણ ઓછું થયું છે.

# આ વર્ષે કેસર કેરીનો સારો પાક થાય તેવી કૃષિ વૈજ્ઞાનિકોને આશા

**આંબાના બગીચાને સારા વરસાદને કારણે પુરતું પાણી મળ્યુ છે**




જૂનાગઢ,તા.૩૦

ગીરની કેસર કેરી જગવિખ્યાત છે. આ વર્ષે કેરીના રસિકો માટે ખૂબ જ સારા સમાચાર આવ્યાં છે. આ વર્ષે કેરીનો પાક ખૂબ જ સારો થાય તેવી સંભાવના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. તો આંબાના બગીચા ધારકો દ્વારા પણ કેરી વહેલી આવશે, ઉત્પાદન સારું થશે અને આવક પણ સારી થશે તેવી આશા રાખી રહ્યા છે. ફળોનો રાજા કેસર કેરી દેશ વિદેશમાં વખણાય છે. ગીરની કેસર કેરી લોકોને ખૂબ જ પસંદ છે. ગીર પંથકમાં હજારોની સંખ્યામાં આંબાઓ આવેલા છે. ઘણી વખત આંબાઓમાં દર વર્ષે વાતાવરણ અનુસાર આંબે આવતા મોર અને કેરીના ઉત્પાદનનું અનુમાન લગાવવામાં આવતું હોય છે. આ વર્ષ જૂનાગઢ જિલ્લામાં ચોમાસામાં ધોધમાર વરસાદ થયો હતો. જેને કારણે આંબાના બગીચામાં પણ ખૂબ જ સારા વરસાદને કારણે પૂરતું પાણી મળી રહ્યું છે.

# ખેડૂતો માટે રિ-સરવે માટેની મુદતમાં એક વર્ષનો વધારો કરતી રાજય સરકાર

ગાંધીનગર,તા.૩૦



ગુજરાતના ખેડૂતોના માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત સરકારે જમીન રિ-સરવેને લઈને મહત્ત્વનો નિર્ણય લીધો છે. રિ-સરવે રેકોર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતિઓ સુધારવા માટે વાંધા અરજી રજૂ કરવાની સમય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. આવતીકાલે પૂર્ણ થતી મુદતમાં વધારો કરીને હવે ૩૧-૧૨-૨૦૨૫ સુધી કરવામાં આવી છે. એટલે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અરજી કરી શકાશે. જમીન રિ-સરવેની કામગીરીમાં અનેક પ્રકારની ભૂલો સામે આવી હતી, જેના લીધે ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી હતી અને ખેડૂતોએ સરકાર સામે ભારે વિરોધ પણ નોંધાવ્યો હતો. આખરે સરકારે આ ક્ષતિઓને દૂર કરવા માટે એક વર્ષ સુધીનો સમય વધાર્યો છે. રાજ્યના ૩૩ જિલ્લામાં આ કામગીરી હાથ ધરાઈ છે, ત્યારે મુદત દરમિયાન ક્ષતિ સામે વાંધા અરજી કરવાની બાકી રહી ગઈ હોય તો તે કરી શકાશે. જેને લઈને રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યમાં ખેતીની જમીનની સેટેલાઈટથી માપણી કરી રિ-સરવે થયા બાદ રાજ્યના તમામ જિલ્લામાં લાખો ખેડૂતોના સાત-બારમાં ગંભીર ક્ષતિઓ થવાના ઉઠેલા સવાલો સાથે અસંખ્ય ખેડૂતોને રિ-સરવે બાદ સાત-બારમાં જમીનના ક્ષેત્રફળ ઘટી જવા, સ્થળ સ્થિતિના નકશામાં ફેરફાર થવો, કબજેદારના નામમાં ભૂલો થવી જેવી અસંખ્ય ક્ષતિઓ થતા

**જે ખેડૂતોને વાંધા અરજી બાકી છે તેવા ખેડૂતોને ૧ વર્ષનો સમય મળ્યો**

જે તે સમયે ખેડૂતોએ આ બાબતે ક્ષતિ સુધારણા રજિસ્ટરમાં નોંધ કરાવી છે. તથા જિલ્લા જમીન દફતર કચેરી તથા મામલતદાર કચેરીમાં ક્ષતિ સુધારણા માટે અરજીઓ કરી છે. આમ છતાં, ઘણાં ખેડૂતોને વાંધા અરજી કરવાની બાકી રહી છે તેવા ખેડૂતોને હવે એક વર્ષનો સમય મળી ગયો છે.

# માંડવીના ગોધરામાં બસની રાહ જોઈ રહેલી નર્સની નિર્મમ હત્યા

**અજાણ્યો શખ્સ તલવારના ઘા ઝીંકી ફરાર થઈ ગયો**



માંડવી,તા.૩૦

માંડવી તાલુકાના ગોધરામાં આજે હત્યાની એક ઘટના બની હતી. નર્સ તરીકે ફરજ બજાવતી યુવતી નોકરી માટે ઘરેથી નીકળી હતી. જે બસની રાહ જોઈ રહી હતી. ત્યારે જ બાઈક સવાર યુવકે આવીને ફિલ્મી સ્ટાઈલમાં તલવારના અનેક ઘા મારી યુવતીને રહેંસી નાખી હતી. જાહેરમાં હત્યાની ઘટના બનતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ચકચાર પ્રસરી ગઈ હતી. સવારના ૬ વાગ્યાની આસપાસ યુવતીની હત્યાની ઘટના બનતા પોલીસ તંત્ર પણ દોડતું થયું છે. બનાવ અંગે માંડવી પોલીસનો સંપર્ક કરતા તેમણે બનાવની પ્રાથમિક તપાસ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ ગોધરા ગામે પોતાના ઘરેથી નોકરી માટે જવા નીકળેલી યુવતી વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં દુર્ગાપુર માર્ગે બસની રાહ જોઈ રહી હતી. ત્યારે બાઈક ઉપર આવેલા અજાણ્યા શખ્સે યુવતી ઉપર તલવાર વડે હુમલો કર્યો હતો. જાહેરમાં જ તલવારના અસંખ્ય ઘા ઝીકીને યુવતીને રહેંસી નાખી હતી. જે બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ફિલ્મી સ્ટાઈલમાં આવેલા ઈસમે નિર્દયતાપૂર્વક યુવતીને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ચકચાર ફેલાઈ ગઈ હતી. બીજી બાજુ જાહેરમાં હત્યાના બનાવથી કાયદો અને વ્યવસ્થા ઉપર પણ સવાલો ઊભા થયા છે.

# અમદાવાદમાં સસ્પેન્ડેડ પોલીસ કર્મી સહિત ત્રણ લોકોએ ૫૦ લાખ પડાવી લીધા

**વેપારીને તેના ઘરેથી કારમાં લઈ જઈ ધમકી આપી**




અમદાવાદ,તા.૩૦

અમદાવાદના આંબલી વિસ્તારમાં રહેતા એક વેપારીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી એક સસ્પેન્ડેડ પોલીસકર્મી સહિત ત્રણ લોકોએ ૫૦ લાખ રૂપિયા પડાવી લેતા ચકચાર મચી છે. વેપારી દ્વારા આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સસ્પેન્ડેડ પોલીસકર્મી જાણે ફરજ પર જ હાજર હોય તે રીતે વેપારીના ઘર પર પહોંચી વેપારીને પોલીસ સ્ટેશન લઈ જવાનું કહી નીકળ્યો હતો અને રસ્તામાં કારમાં જ ધમકાવી ૫૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા.




# મહેસાણામાં નવી એમ્બ્યુલન્સની ચોરી કર્યા બાદ પલટી ખાતા ચોર ફરાર

(એચ.એસ.એલ),કડી,તા.૩૦



મહેસાણામાં કડી ફાયર સ્ટેશનમાં આવેલી નવી એમ્બ્યુલન્સની ચોરી થતા ખળભળાટ મચી ગયો છે. ૨૪ કલાક હાજર સ્ટાફની વચ્ચે એમ્બ્યુલન્સ ચોરાઈ જતા હોસ્પિટલમાં સુરક્ષા અંગે સવાલો પેદા થયા છે. કડી પોલીસે અજાણ્યા ચોર વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે અને તપાસ ઝડપી કરી છે. મહેસાણામાં કડી તાલુકામાં વિસલપુર-આદુંદરા કેનાલ પર કડી ફાયર સ્ટેશનમાં આવેલી નવી એમ્બ્યુલન્સે પલટી ખાતા ચોર ફરાર થઈ ગયા હતા. દર્દીઓને સારવાર અર્થે લઈ જતી એમ્બ્યુલન્સને સ્ટાફની હાજરીમાં ચોરી કરી ભાગતા સુરક્ષા અંગે લોકો પ્રશ્નો કરવા લાગ્યા છે. તો એમ્બ્યુલન્સની ચોરી કરી ભાગતા ચોર એમ્બ્યુલન્સ પલટી જતા તેને રસ્તા પર છોડીને ભાગી ગયા હતા. સ્ટાફની હાજરીમાં ચોરોએ ચોરી કરતા બેદરકારી પણ સામે આવી છે.







